Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. N. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

॥ स्रग्धरावृत्तम् ॥

यातं भोगाभिलाषैरखिलमिदमहो जीवितं तावकीनं ।
यत्नो नैव त्वयाङ्ग कृत इह जननक्लेशविच्छेदहेतुः ॥
त्यक्त्वासक्तिं गजेन्द्रश्रुतिशिखरचलेष्वेषु भोगेषु शीघ्रं ।
'आत्मानन्द प्रकाशं' कुरु हृदयगतं येन शश्वत्सुखं स्यात् ॥ १ ॥

पु. २१. | वीर सं. २४५०. ज्येष्ट. आत्म सं. २९ | अंक ११ मो.

प्रकाशक–श्री जैन आत्मानन्द सभा–भावनगर

## વિષયાનુક્રમણિકા.


| વિષય. | પૃષ્ટ. | વિષય. | પૃષ્ટ. |
|---|---|---|---|
| ૧ પ્રભાવ પંચક. ... ... ... | ૨૫૩ | ૬ શ્રીમદ્‌વિજયાનન્દાષ્ટક. ... ... | ૨૭૨ |
| ૨ જૈન ઐતિહાસિક સાહિત્ય. ... | ૨૫૪ | ૭ સૂરીશ્વર જયન્તિ... ... ... | ૨૭૪ |
| ૩ જૈનદર્શન–તુલનાત્મક દૃષ્ટિએ. ... | ૨૫૭ | ૮ જૈન સાહિત્ય પરિષદ્–સુરત. ... | ૨૭૫ |
| ૪ ગુજરાતી ભાષા સાહિત્યમાં જૈન રાસાઓનું પ્રથમ સ્થાન... ... | ૨૬૩ | ૯ ગ્રંથાવલોકન. ... ... ... | ૨૭૭ |
| ૫ ચારિત્ર્ય બંધારણ. ... ... | ૨૬૮ | ૧૦ વર્તમાન સમાચાર. ... ... | ૨૭૮ |


વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## એકવીશ વર્ષની અપૂર્વ ભેટ.

# આદર્શ જૈન સ્રીરત્નો.

( જેમાં ચૌદ મહાસતીઓના જીવનચરિત્ર આવેલ છે. )

અમારા માનવંતા ગ્રાહકોને જણાવવા રજા લઇયે છીયે કે, દર વર્ષ મુજબ આ વર્ષે ચૌદ આદર્શ મહાસતીઓનાં જીવનચરિત્રો ( કથાઓ ) જેમાં આવેલ છે, તે ઉપરોક્ત ગ્રંથ આ માસિકના ગ્રાહકોને આપવાનું પસંદ કરવામાં આવ્યું છે.

જુદા જુદા વિદ્વાન પૂર્વાચાર્ય મહારાજની અનેક કૃતિઓમાંથી અવતરણ કરી સરલ ભાષામાં આ એક ઉત્તમ ગ્રંથ તૈયાર કરવામાં આવેલ છે.

પ્રાતઃસ્મરણીય માંગલ્યકારી ચૌદ પવિત્ર માતાઓ, આદર્શ સ્ત્રી રત્નો અને મહાસતીઓના વૃત્તાંતો આ ગ્રંથમાં આપવામાં આવેલ છે, જે સ્ત્રી જાતિનું મહત્વ અને સ્ત્રીતત્ત્વના ગુણોના પરમ વિકાસ કરનાર એક ઉપદેશાત્મક રચના છે.

ચારિત્ર્ય વિકાસ માટે, ઉત્તમ ચારિત્રવાન અને સદ્દગુણી બનવા માટે, શાસ્ત્રકાર મહારાજે મહાન સ્ત્રી પુરૂષોના ઉંચા આદર્શને નજર સામે રાખીને, પોતાના જીવનમાં ઉતારવાને અભ્યાસ કરવાની બતાવેલી જરૂરીયાત આ ગ્રંથમાં આવેલી સ્ત્રીરત્નોની કથા પુરી પાડે છે. તેટલુંજ નહીં, પરંતુ આ કથાઓ એટલી બધી સરલ, સુંદર, રસિક, પ્રભાવશાળી, ગૌરવતાપુર્ણ, ચમત્કારિક અને ઉપદેશક છે કે તે મનનપૂર્વક વાંચતાં દરેક બ્હેનો આદર્શ સતીરૂપ બની તેમના ચારિત્રનો વિકાસ થતાં પોતાના આત્મા માટે મોક્ષ નજીક લાવી મુકે છે. દરેક મનુષ્યને પ્રાતઃકાળમાં સ્મરણ કરવા યોગ્ય, દરેક બ્હેનો પોતાનું ચારિત્ર્ય ખીલવી જીવનને કર્તવ્યપરાયણ અને પોતાનો સંસાર-વ્યવહાર સુખમય બનાવી, મનુષ્ય જન્મનું સાર્થક કરવા માટે આ ગ્રંથ ઉત્તમોત્તમ એક આલંબનરૂપ છે. સતી ચરિત્રની આ કથાઓ સાથે સ્ત્રી કેળવણી કેટલી જરૂરીયાત છે ? સ્ત્રીકેળવણી કેવી હોવી જોઇએ ? તેનું પણ આ ગ્રંથની શરૂઆતમાં વિસ્તારથી વિવેચન કરવામાં આવેલુ છે. આવો ઉપદેશક, અને પઠન પાઠન કરવા યોગ્ય આ અપૂર્વ ગ્રંથ આ વર્ષે અમારા સુજ્ઞ ગ્રાહક બંધુઓને ભેટ આપવાનો છે.

દર વર્ષે નિયમિત અને ઉત્તમ ગ્રંથો ( હજી સુધી કાગળ, છપાઇ વગેરેની મોંઘવારી ચાલુ છતાં, તેમજ દરેક બીજા માસિક પ્રકટ કર્તાઓએ પોતાના માસિકોનું લવાજમ વધાર્યા છતાં અને આ સભાએ જૈન સમાજને વાંચનનો બહોળો લાભ આપવા ઉદારતાથી તે પ્રથમથીજ તે લવાજમ રાખ્યા છતાં ) ભેટ આપવાનો ક્રમ માત્ર આ સભાએજ રાખ્યો છે, તે અમારા ગ્રાહકોના ધ્યાનમાં હોવુંજ જોઇએ; જેથી બાર માસ સુધી ગ્રાહક રહી તેમાં આવતા વિવિધ લેખોના વાંચનનો આસ્વાદ લેનારા અમારા ગ્રાહક બંધુઓ આ ભેટની બુકના લવાજમ પુરતા પૈસાનું વી૦ પી૦ તેમના ઉપર આવતાં સ્વિકારી લઇ જ્ઞાનખાતાને નુકશાન કરશેજ નહીં, એમ અમોને સંપૂર્ણ ભરૂસો છે; છતાં ભેટની બુકનું વી૦ પી૦ ન સ્વીકારવું હોય તેમણે અમોને પ્રથમ લખી જણાવવું, જેથી વી૦ પી૦ નો નકામો ખર્ચ ન થાય તેમજ પોસ્ટ ખાતાને નકામી મેહેનતમાં ઉતરવું પડે નહીં. તેટલી સુચના ધ્યાનમાં લેવા વિનંતિ છે.

આ ગ્રંથ સુંદર એન્ટ્રીક ઉંચા કાગળ ઉપર, સુંદર ટાઇપ અને સુશોભિત બાઇડીંગથી અલંકૃત થશે.

અશાડ વદી ૫ ના રોજથી અમારા કદરદાન ગ્રાહકોને લવાજમ પુરતા પૈસાનું વી૦ પી૦ કરી મોકલવામાં આવશે, જેથી જ્ઞાનખાતાને ઉત્તેજન આપવા માટે દરેક ગ્રાહકો તે સ્વીકારી લેશે એવી વિનંતિ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

अपगतमले हि मनसि स्फटिकमणाविव रजनिकरग-
भस्तयो विशन्ति सुखमुपदेशगुणाः, गुरुवचनम-
मलमपि सलिलमिव महदुपजनयति श्रवण-
स्थितं शूलमभव्यस्य ।

कादम्बरी.

पुस्तक २१ ] वीर संवत् २४५० ज्येष्ठ आत्म संवत् २८. [ अंक ११ मो.

## प्रभाव पंचक

( १ )

प्रभो ! महावीर ! अकाम आप थे, दयाद्रवीभूत सधाम आप थे ।
त्रिलोक–संसेवित पादपद्म थे, वितिर्गुणी हो गुणग्राम आप थे ॥

( २ )

सुचारु–आचार–शरीर आप थे, उदार–संचार–समीर आप थे ।
निकाम–कामप्रद भूमि–भानु थे, प्रभो ! महावीर ! सुधीर आप थे ॥

( ३ )

विदग्ध–धी–धैर्य–गिरीर्शि आप थे, सदुक्ति–संमुक्ति महीश–आप थे ॥
अजेय थे, गेय, विधेय, ध्येय थे, तमोऽपहारी जगदीश आप थे ॥

( ४ )

ज्वलज्जगज्ज्वाल–असक्त आप थे, अधर्मि–उद्धारण–शक्त आप थे ।
असार–संसार–समुद्र–सेतु थे, अशेष–संत्यक्त विरक्त आप थे ॥

( ५ )

त्रिवर्गजित् सत्य–निधान आप थे, समृद्धि सौभाग्य–निदान आप थे ।
अगोचर, प्रत्यय–प्रीति–मूर्त्ति थे, सुकर्म सद्धर्म–विधान आप थे ॥

रामचरित उपाध्याय ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈન ઐતિહાસિક સાહિત્ય.

( ગતાંક પૃષ્ઠ ૨૪૨ થી શરૂ. )

આ દેલવાડાથી **અચલગઢ** નામનુ અનુમાન પાંચ માઈલ દુર ઉત્તર પૂર્વમાં એક પ્રસિદ્ધ અને પ્રાચીન સ્થાન છે. પહાડની નીચે સમાન ભૂમિ પર અચલેશ્વર મહાદેવનું જે આબુજીના અધિષ્ઠાતા દેવ મનાય છે તેનું પ્રાચીન મંદિર છે. આ મંદિર બહુજ પુરાણી છે, અનેક વખત તેનો જીર્ણોદ્ધાર થયો છે. તેમાં શિવલિંગ નથી, પરંતુ શિવજીના પગના અંગુઠાનું ચીહ્ન માત્ર છે એનું પૂજન થાય છે. અહીં એક શિલાલેખ જીર્ણ થઈ ગયેલ છે. જે વાંચવાથી જણાય છે કે વસ્તુપાળ તેજપાળે આ મંદિરનો પણ જીર્ણોદ્ધાર કરાવેલો છે. આ મંદિરમાં, પાસેના મઠમાં, મંદિરની બહાર તાકમાં અને તેના પીતળનંદીની ચોકીપર તથા બહાર વાવમાં એવી રીતે અનેક શિલાલેખો તે વખતના રાજાઓ, તેના પરાક્રમો વગેરેનું એટલે તે વખતના ઈતિહાસનું ભાન કરાવે છે.

આ મંદિરથી થોડે દૂર શ્રી શાંતિનાથજીનું મંદિર છે જેમાં ત્રણ પ્રતિમા છે તે કુમારપાળનું બનાવેલું કહેવાય છે.

અચલેશ્વરના મંદિરથી થોડે દૂર જતાં અચલગઢના પહાડ ઉપર ચડવાને માર્ગ છે તેના ઉપર ગઢ છે જેને અચલગઢ કહે છે. માર્ગમાં લક્ષ્મીનારાયણનું મંદિર અને તેનાથી આગળ શ્રીકુંથુનાથજીનું મંદિર આવે છે. જેમાં પીતળની પ્રતિમાજી છે. જે સં૦ ૧૫૨૭ માં બનાવેલ છે. ત્યાંથી ઉપર ચડતાં શિખરની નજીક ધર્મશાળા તથા શ્રીપાર્શ્વનાથજી, નેમનાથજી, અને આદિનાથજીના મંદિર આવે છે, જે ત્રીજું ચૌમુખજીના નામથી પ્રસિદ્ધ છે. મુખ્ય અને પ્રસિદ્ધ બે મંજિલા છે. તેની નીચે તથા ઉપરના મંજીલામાં ચાર ચાર પીતળની બનાવેલી મોટી મોટી મૂર્ત્તિઓ છે. આ મંદિરમાં ૧૪ પીતળની પ્રતિમાજી છે. જેનો તોલ ૧૪૪૪ મણ છે એમ માનવામાં આવે છે. તેમાં સર્વથી પુરાણી મૂર્ત્તિ મેવાડના મહારાણા કુંભના સમયની વી૦ સં૦ ૧૫૧૮ માં બનેલી છે. ત્યાંથી ઉપર શ્રાવણ, ભાદરવા નામના બે જળાશય, જેમાં કાયમ પાણી રહે છે. તેમજ પર્વતના શિખરની પાસે અચલગઢ નામનો ટુટેલો કિલ્લો છે, જે મેવાડના રાણા કુંભાએ સં૦ ૧૫૦૯ માં બનાવેલો દેખાય છે.

આ અચલગઢથી બે માઈલ દૂર **ઓરીઆ** નામનું ગામ છે, જે કનખલ નામા તીર્થ કહેવાય છે. ત્યાં કનખલેશ્વર નામનું શિવાલય સંવત ૧૨૬૫ માં દુર્વાસાઋષિના શિષ્ય કેદાર નામના ઋષિએ જીર્ણોદ્ધાર કરાવેલો હતો. જે વખતે આબુના રાજા પરમાર ધારાવર્ષ અને ગુજરાતમાં સોલંકી રાજા ભીમદેવ બીજો રાજ્ય કરતો હતો. અહીં પણ શ્રીમહાવીર સ્વામીનું મંદિર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ ગામથી ત્રણ માઈલ ઉપર **ગુરૂ શિખર** નામનું આબુનું મોટું શિખર છે. ત્યાં દત્તાત્રયની પાદુકા છે, તેના દર્શન માટે ઘણા અન્ય લોકો આવે છે. ત્યાં એક મોટો ઘંટ લટકાવેલ છે. તેના ઉપર સંવત ૧૪૬૮ નો લેખ છે. આ ઉંચા સ્થાનથી ઘણે દૂર પ્રદેશો દેખાય છે અને તેથી જોનારને અપૂર્વ આનંદ થાય છે.

આબુની બજારથી દોઢ માઈલ દક્ષિણમાં હનુમાનનું મંદિર છે. ત્યાંથી સાતશેહ પગથીયા ઉતર્યા પછી વશિષ્ઠઋષિનો આશ્રમ આવે છે. ત્યાં આ ઋષિનો પ્રસિદ્ધ અગ્નિકુંડ છે. વશિષ્ઠ મંદિરની પાસે સૂર્ય, વિષ્ણુ, લક્ષ્મી વગેરેની મૂર્ત્તિઓ છે. મંદિરના દ્વારની પાસેની દિવાલમાં એક શિલાલેખ છે. જે સંવત ૧૩૯૪ ના વૈશાક શુદ ૧ નો છે. ચંદ્રાવતીના ચોહાન રાજા તેજસિંહના પુત્ર કાન્હડદેવના સમયનો તે છે.

ત્યાંથી ત્રણ માઈલ પશ્ચિમમાં ગયા બાદ ગૌતમ ઋષિનો આશ્રમ છે. જ્યાં વિષ્ણુનું મંદિર છે. તેમાં શિલાલેખ છે. જેમાં મહારાણા ઉદયસિંહનો રાજ્ય સમય સંવત ૧૬૧૩ વૈશાક શુદ ૩ નો છે. **વાસ્થાનજી**—આબુજીની ઉત્તર તરફ તલાવમાં શેરગાંવની તરફ બહુજ નીચે ઉતર્યા બાદ આ નામનું રમણીય સ્થાન આવે છે. જ્યાં ૧૮ ફુટ લાંબી ૧૨ ફુટ પહોળી ૭ ફીટ ઉંચી એક ગુફા આવે છે. જ્યાં વિષ્ણુ વગેરેની મૂર્ત્તિઓ છે.

ઉપર જણાવેલા સ્થાનો સિવાય આબુ પર્વત ઉપર તથા તેના તળાવોમાં અનેક પવિત્ર ધર્મસ્થાનો છે. એટલે કે જેમ જૈનદર્શનનું અપૂર્વ પ્રાચીન તીર્થસ્થાન છે તેમ અન્યોનું પણ તે તીર્થસ્થાન છે.

આ આબુજીના જૈનમંદિર વસ્તુપાળ તેજપાળે બંધાવી પ્રતિષ્ઠા કર્યા પછી ચંદ્રાવતીના રાજા સોમસિંહદેવ અને પુત્ર શ્રી કાન્હડદેવ આદિ સમસ્ત આ દેવાલયની સંભાળ જીંદગી તક રાખવા માટે અને પોતાની સંતતિને પણ તે પ્રમાણે આજ્ઞા જેમાં કરેલ છે એવું એક શાસનપત્ર તે વખતના ચંદ્રાવતીની સમગ્રપ્રજા, અચલેશ્વર, વશિષ્ઠકુંડ, દેલવાડા, શ્રીમાતા—મહણગ્રામ, ઓવાગ્રામ, ઓરાસાગામ, ઉતરછગામ, સિહરગામ, સાલગામ, હિંદુજીગામ, આખીગામ, ધાંધલેશ્વર, કોટડી આદિ બારગામના રહેનાર સ્થાનપતિ, તપોધન, ગુગલી બ્રાહ્મણ, રાઠીય આદિ સમસ્ત પ્રજાવર્ગ આ કાર્યમાં સંમત હોવાથી કરી આપેલ છે જે આ મંદિરપરના શિલાલેખમાં તેનું વર્ણન છે.

મંત્રી તેજપાળના મંદિરપાસે ભીમસિંહનું મંદીર છે. જેમાં **શ્રી ઋષભદેવની** પ્રતિમાજી પીતલમય છે. તેના ઉપર લેખ છે, જે સંવત ૧૫૨૫ ના ફાલ્ગુન સુદી ૭ શનીવારનો છે, જે ગુજરાતના અમદાવાદ નિવાસી **શ્રીમાલી** જ્ઞાતી રાજમાન્ય મંત્રી મંડળના પુત્ર **ગદાએ** પોતાના કુટુંબ સહિત ૧૦૮ મણ પ્રમાણવાળી પરિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર સહિત આ પ્રતિમાજી બનાવ્યાનો છે. જેની પ્રતિષ્ઠા **શ્રીસોમસુંદરસૂરિજી**ના પ્રશિષ્ય શ્રી જિનસોમગણિએ કરાવેલ છે. આ **ગદાશાહ** અમદાવાદના વતની હતા. મહાજનના આગેવાન અને સુલતાનના મંત્રી હતા. પ્રભાવિક શ્રાવક હતા. ઘણા વર્ષો સુધી ચોદશનો ઉપવાસ શ્રદ્ધાપૂર્વક કરેલ છે. પારણામાં પોતે એકલા નહીં, પરંતુ બશેંહ ત્રણશેંહ સાધર્મી ભાઇઓની સાથે બેસી પ્રસન્નતાપૂર્વક ભોજન કરતા હતા. આ પુણ્યવાન શેઠ આબુજી સંઘ લઇને ગયા હતા અને હજારો મનુષ્યો સાથે હતા. એક લાખ સોનામહોરનો ખર્ચ, સંઘ ભક્તિ, અઠ્ઠાઇ મહોત્સવ, શાંતિક્રિયા, દાન વગેરેમાં કર્યો હતો.

ચોથું મંદિર જેને સલાટોનું મંદિર કહેવામાં આવે છે તે છે. તેનું અસલ નામ **ખરતરવસતિ** છે. તેની પ્રતિષ્ઠા શ્રી જિનચંદ્રસૂરિ સંવત ૧૫૧૪ થી ૧૫૩૦ સુધી વિદ્યમાન હતા તેઓશ્રીએ કરાવેલ હતી 'આ આબુજી તીર્થ ઉપર દશમી સદીમાં પણ જૈન મંદિર હતા. જે શ્રી મુનિસુંદરજીએ બનાવેલી પટ્ટાવલીમાં જણાય છે. વસ્તુપાળ તેજપાળના બનાવેલા શ્રી શત્રુંજય, ગિરનાર, સાચોરા, પાટણ, પાવાગઢ, ચાંપાનેર વગેરે સ્થલોમાં પણ મંદિરો છે. કહેવામાં આવે છે કે પોતાની હકુમતના વખતમાં આ ભાગ્યવાનોએ ત્રીશ અરબ, તોંતેર ક્રોડ બત્રીશ લાખ સાત હજાર ( ૩૦૭૩૩૨૦૭૦૦૦ ) રૂપીયા ધર્મકાર્યમાં ખરચ્યા છે.

આ પ્રાચીન દર્શનીય પરમ પવિત્ર સ્થાનનું સંક્ષિપ્ત વર્ણન અમોએ અનેક ગ્રંથોના આધારે લખેલું છે. આ પવિત્ર સ્થાનનો પરિચય ઐતિહાસિક દૃષ્ટિએ કરાવવાથી તેની ગૌરવતા, અપૂર્વતા જણાતાં તે પવિત્ર સ્થાન પરત્વે દરેક મનુષ્યની શ્રદ્ધા અને ભાવમાં વૃદ્ધિ તેમજ ભક્તિ ઉત્પન્ન કરે છે.

આ આબુ પર્વત ઉપરના જૈન મંદિરોના ૨૦૭ શિલાલેખો આ સભા તરફથી પ્રગટ થયેલ **પ્રાચીન લેખ સંગ્રહ** ભાગ બીજામાં આપેલ છે ને ગુજરાતી ભાષાંતર સાથે છે. તે વાંચવાથી હજી ઇતિહાસના જિજ્ઞાસુને વધારે જાણવા જેવું મળે તેમ છે. તે ગ્રંથના નં. ૬૪ થી ૧૩૧ સુધી શિલાલેખો **વસ્તુપાળ તેજપાળના** બનાવેલા ભારતીય શિલ્પકળાના આદર્શભૂત અને ઉત્કૃષ્ટ કારીગીરીવાળા **લુણગવસહીકા** નામના જગપ્રસિદ્ધ મંદિરના છે. આ પવિત્ર આબુજી તીર્થનું વર્ણન અત્રે સમાપ્ત કરવામાં આવે છે અને હવે પછી શ્રી રાણકપુરજી તથા ગિરનારજીના વર્ણનો પણ જૈન ઐતિહાસિક દૃષ્ટિએ આપવાની ધારણા રાખી આ લેખ પૂર્ણ કરીએ છીએ.

**ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ.**

ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈન દર્શન—તુલનાત્મક દૃષ્ટિએ.

**यस्य निखिलाश्च दोषा न संति सर्वे गुणाश्च विद्यंते ।**
**ब्रह्मा वा विष्णुर्वा हरोजिनोवा नमस्तस्मै ॥**

**તત્ત્વાભિલાષી પ્રિય વાચકો !**

સંસ્કૃત વાઙ્‌મયની દૃષ્ટિએ તેમજ જૈન પરિભાષાની દૃષ્ટિએ દર્શન ' શબ્દ ' દેખવું, સમ્યક્ત્વ, સામાન્ય ઉપયોગ વિગેરે અનેક અર્થોમાં પ્રવર્તમાન છે; પરંતુ પ્રસ્તુત વિષયમાં મુખ્યત્વે કરીને જગતમાં જે છ દર્શનો ( ધર્મો ) મુખ્યત્વે કરીને પ્રવર્તમાન છે તે ધર્મ અર્થમાં ગણવામાં આવ્યો છે. ષડ્‌દર્શનોમાંનું જૈન એક દર્શન છે. તેને બીજા દર્શનોના મુખ્ય મુખ્ય સિદ્ધાંતો અને આચારોની સાથે સરખામણી પૂર્વક તપાસવા માટે પ્રસ્તુત વિષયને અંગે યથાશક્તિ પ્રયત્ન છે. બની શકે તેવી રીતે પક્ષપાતમય દૃષ્ટિને દૂર રાખી બીજા દર્શનો સાથેના સંબંધમાં જૈન દર્શન માટે તટસ્થ રીતે લખવામાં આવ્યું છે અને સત્ય વસ્તુ સ્થિતિ જણાવવામાં આવી છે.

હિંદના પ્રચલિત ધર્મોની સમીક્ષા કરવામાં પાશ્ચાત્ય વિદ્વાનોએ જૈન દર્શનને જેટલો અન્યાય આપ્યો છે તેટલો ભાગ્યેજ કોઇ અન્ય દર્શનને આપ્યો હશે. જૈનદર્શન સંબંધે તેમણે જે જે કાંઇ લખ્યું છે તે પૈકીનો મોટો ભાગ વૈદિક ધર્મના ગ્રંથો ઉપર આધાર રાખીને લખાયલો હોય તેમ જણાય છે. વૈદિક ગ્રંથકારોએ જૈનધર્મ સંબંધી બાંધેલા અભિપ્રાયો અને નિર્ણયો અશુદ્ધ બુદ્ધિથી તેમજ અપૂર્ણ જ્ઞાનવડે બાંધેલા હોવાથી તેમણે બાંધેલા નિર્ણયો અને અભિપ્રાયો ઉપર આધાર રાખી પશ્ચિમના વિદ્વાનોએ જૈન દર્શનની સમીક્ષા કરેલ હોવાથી તેમાં જૈન દર્શનને અન્યાય મળે એ સ્વાભાવિક છે (વેજબીજ) મોન્સ્ટુઅર્ટ, હોપકિન્સ અને વેબર આદિ યુરોપના સમર્થ વિદ્વાનોએ ઇતર દર્શનોએ બાંધેલા નિર્ણયોને સાંભળી એક તરફી અભિપ્રાય ઉચ્ચારી દીધો છે, વસ્તુસ્થિતિ આમ હોઇ પ્રો. **જેકોબી.** મેકસમુલર અને બીજા ગણ્યા ગાંઠ્યા વિદ્વાનોને બાદ કરતા બાકીના તમામ પાશ્ચાત્ય વિદ્વાનોએ જૈન દર્શનના સંબંધમાં ફાવે તેમ આડું વેતરી દીધું છે. હોપકીન્સ જેવા વિદ્વાનોએ તો જૈન દર્શન સંબંધમાં અનેક હસવા લાયક કલ્પનાઓ કરી છે. અને અનેકના હાથમાંથી પસાર થતા છેવટે વસ્તુ દર્શન કેવા રૂપ ઉપર આવી જાય છે તેનો એક વિચિત્ર નમુનો રજુ કર્યો છે. કેટલાકોએ જણાવ્યું છે કે જૈન ધર્મના દરેક અનુયાયીએ આપઘાત કરવોજ જોઇએ એવું તેના પ્રવર્તકનું ફરમાન છે.

વળી બીજા વિદ્વાનોએ જૈન એ ઝીણા જંતુઓને ઉછેરવાનું સ્થાન છે એમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અભિપ્રાય આપ્યો છે. આ રીતે અનેક પાશ્ચાત્ય વિદ્વાનોએ હાસ્યજનક ફેંસલા સંભળાવ્યા છે. કોઈ વિદ્વાનોએ જૈનને બૌદ્ધ ધર્મની એક શાખા તરીકે, તો કોઈએ નાસ્તિકવાદી તરીકે, તો કોઈએ વૈદિક ધર્મના અંકુર તરીકે ગણી કાઢેલો છે. કોઈ વિદ્વાનો તો કહે છે કે જૈનમાં તત્વજ્ઞાન કશુંજ નથી. માત્ર ક્રિયામાર્ગ છે. વળી એવા અભિપ્રાયોની સાથે પણ અથડામણી થાય છે કે જૈન મતની ઉત્પત્તિ શંકરાચાર્યની પછીની છે. લાલા લજપતરાય જેવા સમર્થ દેશ હિતૈષિએ પણ જૈનદર્શનનો ઐતિહાસિક વિભાગ તપાસ્યા વગર ભારતવર્ષકા ઇતિહાસમાં, "જૈન લોગ યહ માનતે હય કિ જૈનધર્મકે મૂળ પ્રવર્ત્તક **શ્રી પાર્શ્વનાથ** થે" વિગેરે અજ્ઞાનતા મૂલક હકીકતો બહાર પાડેલી છે.

જૈન અને બૌદ્ધ ધર્મશાસ્ત્રોના કેટલાક પારિભાષીક શબ્દો અને કર્મકાંડની કેટલીક વિધિઓ સમાન હોવાથી જૈનને બૌદ્ધની શાખા હોવાનું અનુમાન ઉપરોક્ત વિદ્વાનોએ કર્યું હોય તેમ સંભવે છે. પરંતુ પ્રો૦ જેકોબી જેવા જૈનદર્શનના અભ્યાસીએ જૈનદર્શન સ્વતંત્ર ધર્મ છે તેવું અનેક પ્રમાણોથી સિદ્ધ કર્યું છે. પ્રો. મેકસમુલરે ઇ. સ. પુર્વે ૪૭૭ વર્ષે બુદ્ધ નિર્વાણ કાળ જણાવેલો છે અને જૈનોના કલ્પસૂત્ર અનુસારે ઇ. સ. પૂર્વે ૫૨૭ વર્ષે જૈનોના ચરમ તીર્થંકર મહાવીર પ્રભુ નિર્વાણ થયાનો કાળ મુકરર થએલો છે. આ સંબંધમાં જૈન અને બૌદ્ધ ધર્મ સંબંધમાં જે ભિન્નતાઓ રહેલી છે તે સંક્ષિપ્તમાં પણ સચોટ રીતે આત્માનંદ પ્રકાશના ચાલુ વર્ષના પુસ્તક (૨૧) માં મુનિ શ્રી જ્ઞાનવિજયજીએ યથાર્થ સ્વરૂપમાં દર્શાવેલી છે.

આ રીતે જૈનદર્શન એક સ્વતંત્ર દર્શન હોઇ તેનું સાહિત્ય વિશાલ પ્રમાણુમાં દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, ધર્મકથાનુયોગ અને ચરણ કરણાનુયોગ. એ ચાર વિભાગમાં જૈનદર્શનના શાસ્ત્રો વહેંચાએલા છે. દ્રવ્યાનુયોગમાં જીવાત્મા અને કર્મ પ્રકૃતિનો તેની સાથેનો સૂક્ષ્મ નિગોદનું સ્વરૂપ એકેંદ્રિયથી માંડીને પંચેંદ્રિય પ્રાણીયોની પરિસ્થિતિ વગેરે એટલી બધી સૂક્ષ્મ હકીકતો છે. ને સર્વજ્ઞ પ્રણિત દર્શન તરીકેનો સુંદર ખ્યાલ આપે છે.

ગણિત સંબંધમાં ચંદ્ર પ્રજ્ઞપ્તિ સૂર્ય પ્રજ્ઞપ્તિ અને લોક પ્રકાશાદિ ગ્રંથો એવા અપૂર્વ છે કે સૂર્ય ચંદ્ર અને તારા મંડળનું વિસ્તીર્ણ જ્ઞાન, અસંખ્ય દ્વિપ સમુદ્રો, નારકી અને સ્વર્ગ લોકની પુષ્કળ હકીકતો, આર્યજનતા સમક્ષ ગણિતાનુયોગ રજુ કરે છે. આ ઉપરાંત ધર્મકથાનુયોગમાં મોટા મહાત્માઓના ચરિત્રોનું સાહિત્ય પણ તેટલુંજ વિસ્તીર્ણ છે. અને ચરણ કરણાનુયોગમાં ગૃહસ્થાશ્રમ અને સન્યાસના આચાર વિચારો પણ વિવિધ રીતે દર્શાવેલા છે. વારંવાર જૈનદર્શન માટે એવો આક્ષેપ મુકવામાં આવે છે કે જૈનોની અહિંસાએ મનુષ્યોને નિર્વીર્ય કરી મુકયા છે. આ હકીકત એક અંશમાં પણ સત્ય નથી. પૂર્વકાળમાં જૈન રાજાઓ જેઓ

For Private And Personal Use Only

ક્ષત્રિયો હતા તેઓ જૈનધર્મનું યથાર્થ પાલન કરતા હતા અને ક્ષત્રિય ધર્મનું પાલન કરતા હતા. દરેક વર્ણાશ્રમનો મનુષ્ય જૈનધર્મનું પાલન કરતો હોવા છતાં પોતપોતાની ફરજો બજાવે જતો હતો એમ જૈન ઈતિહાસ સારી રીતે સાક્ષી આપી રહ્યો છે. પરરાજ્ય ચક્રથી રાજ્ય અને પ્રજા ઉભયનું સંરક્ષણ કરી સ્વધર્મને પણ જાળવી રાખ્યાના અનેક રાજાઓના દષ્ટાંતો મોજુદ છે. જૈનોના તીર્થંકરો ક્ષત્રિય કુળમાં જન્મ લે છે અને રાજ્યનું પાલન કરી છેવટે સન્યાસ ગ્રહણ કરે છે. ખુદ સોળમા તીર્થંકર શાન્તિનાથ પ્રભુ ચક્રવર્તી હોવાથી તેમને છ ખંડનો દિગ્‌વિજય કરવા માટે લાંબો વખત સુધી વિદેશમાં જવું પડયું હતું.

જૈન દર્શન તરફના આ આક્ષેપનો પરિહાર કરતા અમારે કહેવું જોઈએ કે પ્રસ્તુત આક્ષેપ કરનારાઓનો જૈન ઐતિહાસિક અવલોકનનો પોતામાં અભાવ સુચવે છે. જૈનદર્શન એક એવા સમર્થ આત્મબળવાળું દર્શન છે કે જે મનુષ્યને નિર્માલ્ય ન બનાવતા તેને સ્વાવલંબન ( Self-reliance ) નો મુખ્ય સિદ્ધાંત શીખવે છે અને તે સાથેજ ક્ષત્રિય વીરને છાજે તેવી ક્ષમા રાખવાનું પણ સૂચવે છે. નવયુગના ઉત્પાદક મહાત્મા ગાંધીજી પણ પોતે કબુલ કરે છે કે મારૂં જીવન ઉચ્ચ થયું હોય, શાંતિ અને ક્ષમાશીલ થયું હોય તો તે શ્રીમદ્ રાજચંદ્ર પાસેથી જાણેલા જૈન દર્શનના તત્ત્વોને આભારી છે. આ ક્ષમા નબળાઈની નથી. કિન્તુ આત્મબળમાંથી પ્રકટેલી છે. જૈન દર્શનનું સાહિત્ય એટલું બધુ વિપુલ અને વિસ્તીર્ણ છે કે કેટલીક સંસ્થાઓ તરફથી અત્યાર સુધીમાં જે ગ્રંથ-સમૃદ્ધિ બહાર પાડવામાં આવી છે તે ઉપરથી તે કલ્પી શકાય છે. પાર્શ્વાભ્યુદય કાવ્ય, યશસ્તિલક ચમ્પુ વગેરે કાવ્યો ગ્રંથો સમ્મતિ તર્ક, સ્યાદ્વાદ રત્નાકર, અનેકાંત જયપતાકા, પ્રમેય રત્નકોશ વિગેરે ન્યાયગ્રંથો, યોગબિન્દુ, યોગદષ્ટી, સમુચ્ચય વિગેરે યોગ ગ્રંથો અને જ્ઞાનસાર. અધ્યાત્મસાર અને અધ્યાત્મ કલ્પદ્રુમ વિગેરે આધ્યાત્મિક અનેક ગ્રંથ સમૃદ્ધિ મોજુદ છે. પાતંજળ યોગદર્શન ઉપર શ્રીમદ્ યશોવિજયજીની ટીકા વગેરે જૈન વિદ્વાનોની વ્યાપક દષ્ટિ સૂચવે છે.

આનંદગિરીકૃત શંકરદિગ્‌વિજયમાં જૈન દર્શનના તત્ત્વો અને માન્યતાના સંબંધમાં જૈનોને નાસ્તિક ઠરાવી અનેક ભૂલો કરવામાં આવી છે જેનો વિસ્તાર કરવો એ અત્રે અપ્રસ્તુત છે. ભાગવતના પાંચમા સ્કંધમાં રૂષભદેવે દિગંબર બની જૈનધર્મની સંસ્થાપના કરી-એવો જો કે ઉલ્લેખ નથી, છતાં તેના ઉદાહરણને જોઈ અર્હત નામના રાજાએ પાખંડ મતનો પ્રચાર કર્યો એમ જણાવ્યું છે, આ રીતે જો કે ભાગવત ઉપરથીજ સિદ્ધ થાય છે કે રૂષભદેવ જૈનધર્મના સંસ્થાપક હોવા જોઈએ. પરંતુ બીજી દષ્ટિએ તે તે ગ્રંથના પ્રણેતાઓએ કેટલી કેટલી ગંભીર ભૂલો કરી છે અને અનુયાયીવર્ગને કેટલો આડે રસ્તે દોર્યો છે તે પણ ખુલ્લું થાય છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈન દર્શનના મુખ્ય ૪૫ શાસ્ત્રો છે, જે સિદ્ધાંત અથવા આગમના નામથી ઓળખાય છે. એ ૪૫ શાસ્ત્રોમાં ૧૧ અંગ, ૧૨ ઉપાંગ, ૧૦ પ્રકીર્ણક, ૬ છેદ, ૪ મૂળ સૂત્ર અને ૨ અવાંતર સૂત્રો. જૈનો મુખ્ય નવ તત્વ માને છે.

(૧) જીવ. (૨) અજીવ. (૩) પુણ્ય (૪) પાપ. (૫) આશ્રવ (૬) બંધ (૭) સંવર. (૮) નિર્જરા. અને (૯) મોક્ષ. જેમાં ચૈતન્ય ગુણ હોય તે જીવ છે, શરીર વગેરે જડ પદાર્થોનો જેમાં સમાવેશ થાય તે અજીવ છે. શુભાશુભ કર્મનો આત્માનો ભોગવટો થવો તે પુણ્ય અને પાપ. શુભાશુભ કર્મદ્વાર તે આશ્રવ, આત્મામાં નવા કર્મો ન આવવા દેવા તે સંવર, આત્માના પ્રદેશો સાથે કર્મનો સંબંધ થવો તે બંધ, થોડા કર્મોનું આત્માથી જુદા પડવું તે નિર્જરા, અને સર્વાંશે કર્મથી રહિત થવું તે મોક્ષ. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, કાળ, પુદ્‌ગલાસ્તિકાય અને જીવાસ્તિકાય એ ષડ્ દ્રવ્યો જૈન દર્શન માને છે અને પરસ્પર જીવ અને જડ વસ્તુને ઉપકારી કે અનુપકારી તરીકે સ્વીકારે છે. આ તમામ તત્વો ઉપર શ્રદ્ધા રાખવી. તે ( **तत्त्वार्थ श्रद्धानं सम्यगदर्शनं** ) સમ્યગ્દર્શન, એ તત્વોનું સંશય વિપર્યયરહિત જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન અને તદનુસાર નિર્દોષ અને પવિત્ર આચરણ તે સમ્યક્‌ચરિત્ર. આ આચરણ ગૃહસ્થને અપરાધી જીવોની હિંસા અણછુટકે કરવાની છુટ હોય છે ત્યારે સાધુને " અહિંસા પરમો ધર્મ: " સર્વાંશે પાળવાનો હોય છે. બ્રહ્મચર્યવ્રત મુનિએ સર્વાંશે પાળવુ જોઇએ. તેજ પ્રકારે સત્ય અચૌર્ય અને અપરિગ્રહ ( લોભનો અભાવ ) ના સંબંધમાં સમજાવેલું છે.

## ઈશ્વર ઉપર સૃષ્ટિ રચવાનું કાર્ય જૈનદર્શન સોંપતું નથી.

બૌદ્ધોની માફક જૈનો પણ ઇશ્વરને સૃષ્ટિ ઉત્પન્ન કરવાનું કર્તવ્ય સ્વીકારતા નથી. સાંખ્ય દર્શન પણ ઇશ્વરના સૃષ્ટિ કર્તૃત્વવાદની ના પાડે છે. આ ઉપરથી જૈનો ઇશ્વરત્વને માનતાજ નથી એ સિદ્ધ કરવું કે એમ કહેવું તે ભ્રમમૂલક છે. લાલા લજપતરાયે પણ આવીજ એક ભૂલ ' ભારત ધર્મકા ઇતિહાસ ' નામના એક હિંદી પુસ્તકમાં કરેલ છે. દરેક આત્મા સદ્‌જ્ઞાન અને સદાચરણથી ઇશ્વરત્વ પ્રાપ્ત કરે છે. સ્વયં ઇશ્વર બને છે. એ માન્યતા જૈન દર્શન સ્વીકારે છે અને તેવા મુક્તાત્માને ઇશ્વર માની બાહ્ય તથા આંતર પૂજા–ભક્તિ કરે છે. જૈનોના ચોવીશ તીર્થંકરો પહેલા આપણી જેવા સામાન્ય મનુષ્યો હતા. બોધિસત્વે જેમ દશ પારમિતાઓનો પ્રથમના અનેક જન્મોમાં અહિંસા, સત્ય વિગેરેનું ઉચ્ચ ઉચ્ચ કોટિએ પાલન કરતા કરતા આશ્ચર્યજનક અવતરી મહા પુરૂષરૂપે જન્મ્યા અને " સવી જીવ કરૂ શાસનરસી " એ ભાવના આચાર–સ્થૂલ સ્વરૂપમાં મુકવા માટે મૈત્રી, પ્રમોદ, કારૂણ્ય અને માધ્યસ્થ્યાદિ ભાવનાઓ દ્વારા પ્રાણીઓનો ઉદ્ધાર કર્યો અને પોતે આત્મબળથીજ–પુરૂષાર્થથીજ મુક્તાત્માઓ બન્યા–મુક્તિ પામ્યા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રા૦ રા૦ કનૈયાલાલ માણેકલાલ મુન્શીએ પાટણુની પ્રભુતા, ગુજરાતનો નાથ, અને રાજાધિરાજ નામની નવલકથાઓમાં ફ્રેન્ચ નવલકથાકારોને અનુસારે કલ્પનાઓ ઉપજાવી, જૈન દર્શનના ઐતિહાસિક પાત્રો શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય તથા આમ્રભટ્ટ વિગેરે જે જૈનદર્શનમાં નિવેદન કરેલા દૃષ્ટિ બીંદુથી જુદાજ સ્વરૂપે કલ્પી મિશ્રિત કરવામાં જૈનસમાજની લાગણી દુખાવેલ છે. તો રા૦ રા૦ મુન્શીએ તે તે પાત્રોનું સ્વરૂપ માત્ર કલ્પનાથી ઘડી કાઢેલું છે કે કોઈ પ્રાચીન ગ્રંથના અવતરણ રૂપે છે તે તેમણે પ્રકાશમાં લાવી ઐતિહાસિક સત્ય હકીકત પુરવાર કરવી જોઇએ, અને જૈનોની દુભાયલી લાગણીને શાંત પાડવી જોઇએ. કેમકે જૈનોના કોઇપણ સમર્થ આચાર્યને સ્વકલ્પના અનુસાર તેમના ધર્મશાસ્ત્રના ફરમાનથી વિરૂદ્ધ રાજખટપટી ચીતરવા એ કોઈ દર્શનની માન્યતા વચ્ચે સીધો હાથ નાંખવા જેવું અનુચિત છે. એ કહેવું પ્રસ્તુત સમયે અનુચિત નથી કે આધુનિક ગુજરાતના ઇતિહાસને મજબુત રીતે ટકાવનાર જૈન ગ્રંથો, જૈનાચાર્યો અને કુમારપાળ જેવા રાજાઓ છે.

જૈનાચાર્યોએ ગુજરાતી ભાષામાં જૈન ગ્રંથોનો મોટો ફાળો ભવિષ્યની પ્રજાને આપેલો છે. સિદ્ધરાજ કુમારપાળના વખતમાં થયેલા શ્રીહેમચંદ્રાચાર્ય મહારાજના અષ્ટાધ્યાયીમાંથી જુની ગુજરાતીની ગાથાઓ વિદ્યમાન છે. સંવત ૧૩૫૦ માં થઈ ગયેલા વઢવાણના મેરૂતુંગાચાર્યે રચેલા પ્રબંધ ચિન્તામણીમાં તેમજ વિક્રમ સંવતના ૧૪ માં શતકમાં રત્નસિંહ સૂરીના એક શિષ્યે લખેલા ઉપદેશમાળા નામના ગ્રંથમાં આપેલા છપ્પાઓની ભાષા ઉપરથી પ્રાચીન ગુજરાતી ભાષાના ઉત્પાદક તરીકેનું અભિમાન જૈનદર્શન ધરાવે છે. પદ્મ પુરાણમાં જૈન દર્શનનું પુરાતનપણું પુષ્ટ કરનારી એક એવી કથા છે કે એક વખત દેવ અને દાનવોનું યુદ્ધ ચાલી રહ્યું હતું તેમાં અસુરોની જીત થવા લાગી. તે જોઇ દેવોના રાજા ઇંદ્રે અસુરોના ગુરૂ શુક્રાચાર્યની તપશ્ચર્યા ભ્રષ્ટ કરવા તેની પાસે એક અપ્સરા મોકલી. તેને જોઇ શુક્રાચાર્ય મોહ પામ્યા, એ અવસર જોઇ દેવતાના ગુરૂ બૃહસ્પતિએ શુક્રાચાર્યની મતિ વધારે ભ્રષ્ટ કરવા તેને જૈન ધર્મનો ઉપદેશ આપ્યો. જો કે પૌરાણીક કથાકારે તો જૈન દર્શન તરફ તિરસ્કાર બુદ્ધિ ઉત્પન્ન કરવા માટે આ પ્રયાસ કર્યો હશે, પરંતુ તે ઉપરથી જૈન દર્શનની પ્રાચીનતા ઠીક પુરવાર થાય છે. યજુર્વેદમાં જૈનના દેવ સંબંધી અનેક સ્થળે ઉલ્લેખ છે, તે પૈકી થોડુંક અવતરણ આપવાની લાલચ રોકી શકાતી નથી. યજુર્વેદના ૨૫ મા અધ્યાયના ૧૯ મા મંત્રમાં લખ્યું છે કે—

**ॐ नमोऽर्हतो ऋषभो ॐ ऋषभं पवित्रं पुरुहत मदपरं यज्ञेषु नग्नं परमं माहसं स्तुतंपारं शत्रुंजयं ते पशुरिंद्रमाहुरिति स्वाहा.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વળી ઋષભપ્રભુ અને અરિષ્ટનેમિની સ્તુતિ પણ તેજ ગ્રંથમાં જોવામાં આવે છે. ઋગ્વેદ જે હિંદનો સૌથી પ્રાચીન ગ્રંથ ગણાય છે તેના વર્ગ ૧૯ અધ્યાય ૬ ના પ્રથમ અષ્ટકમાં જૈનોના બાવીશમા તીર્થંકર શ્રી અરિષ્ટનેમિનું નામ દ્રષ્ટિગોચર થાય છે.

પશુઓના યજ્ઞયાગાદિમાં જ્યારે આર્ય જનતા વિશેષ અનુરક્ત થઇ હતી. ત્યારે 'અહિંસા પરમોધર્મ:' નો મુખ્ય ફેલાવો કરી લગભગ ૨૪૫૦ વર્ષ પૂર્વે શ્રીમહાવીરે જૈનદર્શનનું પુનરૂજ્જીવન કર્યું અને આર્ય જનતાને દયામય ધર્મ શીખવ્યો. તેમની પહેલાં અનેક વર્ષોના અંતરે ૨૩ તીર્થંકરો અનુક્રમે થઇ ગયા હતા. સૌએ પોતપોતાના સમયમાં આર્ય જનતાને ઉચિત આત્મવાદ તરફ દ્રષ્ટિ રાખી ક્રિયાકાંડોનો ફેરફાર કર્યો હતો. અને તત્વજ્ઞાન અવિચ્છિન્ન રાખ્યું હતું. ૨૩ મા તીર્થંકર શ્રીપાર્શ્વનાથના વખતમાં ચાર મહાવ્રતો હતા. એટલે કે બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એકજ ગણાતાં હતાં. તે મહાવીર પ્રભુએ ભવિષ્યકાળનું લોક સ્વરૂપ જાણીને જૂદાં પાડ્યાં હતાં—આ રીતે જૈન દર્શન પોતે અનાદિ હોવાનો દાવો ધરાવે છે.

સૃષ્ટિના ઉત્પત્તિક્રમ ( Law of Creation ) માં જૈન દર્શન એવી દલીલ રજુ કરે છે કે ઇશ્વરને સૃષ્ટિ ઉત્પન્ન કરવાનું પ્રયોજન શું ? કયા કયા સાધનો વડે ઉત્પન્ન કરી ? ઇશ્વરને પણ ઉત્પન્ન કરનાર કોને કલ્પવો ? વળી સૃષ્ટિ ઉત્પન્ન કરવી અને પછીથી વિનાશ કરવો એ બન્ને કાર્યોથી ઉત્પાદક અને ઉત્પન્નને લાભાલાભ શું ? વિગેરે અનેક પ્રશ્નો ઉપસ્થિત થતાં અનવસ્થા દોષનો પ્રસંગ આવે છે. સૃષ્ટિકર્તા તરીકે ઇશ્વરને નહિં માનવા વડે આખું પાશ્ચાત્ય વિજ્ઞાનશાસ્ત્ર વાસ્તવિક રીતે સંપૂર્ણ આકારમાં કોઇપણ કબુલ કરતું હોય તો તે જૈનદર્શન છે. કેમકે જેમ સમુદ્રના પાણીમાંથી વરાળ થઇને વાદળાં થાય છે તેજ વાદળાં ગળી જઇ પાછાં સમુદ્રમાં પાણી રૂપે પડે છે, બીજમાંથી વૃક્ષ અને વૃક્ષમાંથી બીજ થયાં કરે છે, પરમાણુમાંથી વસ્તુઓ અને તેજ વસ્તુઓનો વિનાશ એ પરમાણુ—એવી રીતે ઘટમાળ ચાલ્યાં કરે છે ત્યાં ઇશ્વરને કર્તા તરીકે વચ્ચે મુકવાનું શું પ્રયોજન હશે ? તે કલ્પી શકાતું નથી. તેમજ આત્મા વડે કરાયલા શુભ કે અશુભ કર્મ આત્માએ કરેલા સારા કે નરસા ભોજનની પેઠે સારૂં કે નરસું ફળ આપે છે. તેમાં બુદ્ધિપૂર્વક ઉંડી તપાસ કરતાં કર્તા તરીકે ઇશ્વરની જરૂર સંભવતી નથી.

વૈશેષિક દર્શન જ્યારે શબ્દને આકાશનો ગુણ માને છે ત્યારે જૈનદર્શન **शब्द पौद्गलिकः** એ સૂત્રે પોતાના મૂળ સિદ્ધાંતોમાં સંગ્રહે છે. હાલમાં ટેલીફોન અને વાયરલેસ ટેલીગ્રાફી વિગેરેનું ઉત્પત્તિસ્થાન જોઇએ તો શબ્દથી છે અને શબ્દો પરમાણુંઓ હોવાથી દૂર દૂર જઇ શકે છે. તેમજ રેકર્ડ ઉપર કોતરાઇ જાય છે. અને જુદી જુદી અસરો પ્રકટાવે છે, **वायोर्योनिरापः**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ જૈનાગમમાં હજારો વર્ષો થયાં રહેલી હકીકતને મળી પાશ્ચાત્ય વિદ્વાનોએ Oxygen અને Hydrogen રૂપ બન્ને વાયુઓ વડે પ્રાણીની ઉત્પત્તિ માનેલી છે. પુદ્ગલમાં અનંતી શક્તિઓ છે એ સ્થળે સ્થળે જૈન શાસ્ત્રમાં હકીકત છે. તે પાશ્ચાત્ય શોધકોએ વરાળવડે અગ્નિરથો, વીજળીવડે તાર અને ટ્રામો દોડાવી પુરવાર કર્યું છે. ન્યૂટનની ગુરૂત્વાકર્ષણ શક્તિ એ પણ જૈનોએ માનેલી પૌદ્ગલિક શકિતનો સુંદર ખ્યાલ આપે છે. ચાલુ-

# *ગુજરાતી ભાષાસાહિત્યમાં જૈન રાસાએ અને કવિતાએ લીધેલું પ્રથમ સ્થાન.

( લેખક—ગાંધી વલ્લભદાસ ત્રીભોવનદાસ. ભાવનગર. )

અનેક જૈન કવિ-મહાત્માઓએ અનેક રાસાઓ લખેલા છે. ગદ્યમાં કવિતામાં લખાયેલા અનેક મહાપુરૂષોના ચરિત્રોના-કથારૂપ ગ્રંથોને મુખ્યત્વે રાસ એવું નામ આપેલું હોય છે. આવા રાસાના ગ્રંથોમાં જુદી જુદી નીતિ અને ધર્મની વાતો સમજાવવા માટે ઉન્નત્ત આત્માઓના જીવન ચરિત્રો આપવામાં આવેલાં હોય છે. વૈષ્ણવધર્મમાં પણ કેટલાક રાસો તે ધર્મના-મહાત્માઓએ બનાવેલા છે, પરંતુ જૈન કવિના બનાવેલા રાસો તરફ દૃષ્ટિ કરતાં તેમાં જે નવરસ-યુક્ત વર્ણનો આપેલ છે તેવા તેમાં નથી એમ જણાય છે. જૈન રાસોમાં કેટલેક સ્થળે તો તે રસ અને અલંકારથી છલકાઈ જાય છે એટલુંજ નહિ, પરંતુ રસના આલંબન, ઉદ્દીપન, વિભાવ વગેરે સાધનોનો જ્યાં જેવો ઘટે તેવો ઉપયોગ કરી એ વર્ણનો વાંચવામાં આલ્હાદ થાય તેવાં રસભરિત કર્યાં છે. તેજ આવી કૃતિને જૈન કવિયોએ રાસ એવું નામ આપેલ છે. આવા રાસોમાંથી જેમ કેટલેક અંશે જૈન ઐતિહાસ વિભાગ દેખાય છે તેમ જુની ગુજરાતી ભાષા તે સમયે કેવી હતી, કયા સૈકામાં શું ફેરફાર થયા, તેનું પણ ભાન થાય છે. વળી જૈન સાહિત્ય શબ્દનો ખરો અર્થ પણ તેમાં સાર્થક થાય છે, તે પણ જરૂરીઆત વાળું છે.

જૈન રાસોની કવિતા હાલના કવિયોની પેઠે વૃત, કે છંદમાં લખવામાં આવેલ નથી, પરંતુ અમુક રાગ અને તાલસહિત ગવાય અને તેમાં કોઇ રાગ રાગણીની છાયા આવે એવી દેશીયો, ઢાળો, ગરબીઓ વિગેરેમાં રચાયેલ છે. કવિ પ્રેમાનંદે જ્યારે કડવાં અને દયારામભાઇએ મીઠાં એમ પોતાની કવિતાના મથાળે લખ્યું છે, ત્યારે જૈન કવિઓએ દેશીઓનું નામ

* સાતમી ગુજરાતી સાહિત્ય પરિષદ્ ભાવનગર માટેનો વંચાયેલ નિબંધ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપી ઉપર ઢાળ પહેલી, ઢાળ બીજી એમ લખેલ છે, અને કવિ પ્રેમાનંદની કવિતામાં જેમ વલણ આવે છે તેમ જૈનકવિ રચિત રાસાઓમાં ઢાળની પૂર્વે દુહા, દોહરા કે સોરઠા દોહરા આપેલ હોય છે.

જૈન કવિ વિરચિત રાસાઓમાં મંગળાચરણમાં દેવ, ગુરૂ ને સરસ્વતી દેવીની સ્તુતિ કરેલી હોય છે અને કયા પુરૂષ માટે અને ધર્મના કયા સ્વરૂપ ઉપર રાસ લખ્યો છે તે જાણવામાં આવે છે. દરેક રાસમાં છેવટે પ્રશસ્તિ રચનાર મહા પુરૂષનું નામ, રચવાનો સમય, સ્થળ, ગામ, સંવત, માસ, વાર વિગેરે તેમજ પોતાના ગુરૂની પરંપરા પેઢીનું નામ આપવામાં આવતું હોવાથી તે ઐતિહાસિક સાહિત્યનું અંગ પણ બને છે અને જેથી તેને સહાયરૂપ છે. મુસલમાની રાજ્યના આરંભનો કાળ ગુજરાતમાં અંધાધુંધી અને ત્રાસનો તેમજ હિંદુ મંદિરો, ધર્મ અને સાહિત્યના વિધ્વંસનો કેટલેક અંશે હતો. આવા જુલમવાળા કાળમાં લોકોને સંસ્કૃત, માગધી, પ્રાકૃત આદિ ભાષાઓનો અભ્યાસ કરી ઉંચુ તત્ત્વજ્ઞાન મેળવે તેટલી શાંતિ નહોતી, પરંતુ ઉલટા સાહિત્યના ભંડારોનું રક્ષણ કરવું મુશ્કેલ થઇ પડવાના કારણે તે ભંડારો માંહેનાં પુસ્તકો વિનાશ થવાના ભયે સંતાડી મુકવામાં આવતા હતા, તેવા સંજોગમાં તેમજ પ્રાકૃત અને સંસ્કૃત ભાષાનાં અજ્ઞ જીવો માટે–સામાન્ય મનુષ્યો માટે તે વખતના લોકોની અભિરૂચિ ઉપર લક્ષ આપી આવા રાસો રચવામાં આવેલ છે.

આવા ત્રાસના વખતમાં પણ જૈન મહાત્માઓ—ધર્મગુરૂઓ જાગૃત હતા. આવા રાસોની રચના જૈનધર્મના આગમ ઉપરથી લીધેલ છે, તે નિ:સંદેહ વાત છે. સામાન્ય મનુષ્ય પ્રાકૃતને સંસ્કૃત ભાષાનું જ્ઞાન મેળવી ધર્મબોધ લઇ શકે તેમ ન હોવાથી, તે કાળમાં ચાલતી સરલ ગુજરાતી ભાષામાં કાવ્યરૂપે તેવા મનુષ્યો ધર્મબોધ પામી શકે, સરળતાથી સમજી શકે એવી સ્વપરહિત બુદ્ધિથી સંસારથી ત્યાગી થયેલ સંયમી મહાન પુરૂષોએ આગમ–સૂત્રો, સંસ્કૃત કાવ્યોમાંની આખ્યાયિકાઓને રાસરૂપે દેશભાષામાં ઉતારી રચના કરી.

મુંબઇ યુનીવર્સિટીની એમ. એ. ની પરિક્ષામાં પંડિતવર્ય શ્રી નેમવિજયજી રચિત શીલવતીનો રાસ ગુજરાતી કૉર્સમાં દાખલ થયો છે, કે જે રાસ વડોદરાની પ્રાચીન કાવ્યમાળાના અંકમાં વિવેચન સહિત પ્રગટ થયેલ છે. તેમાં રા૦ બ૦ હરગોવીંદદાસ કાંટાવાળાએ જણાવેલ છે કે “જે રાસાનો સામાન્ય અર્થ કહાણી થાય છે. તે ઉપરથી આવા કથાના સંયોગે રાસો કહેવાનો પરિચય પડયો હશે. રાસામાં કહેલી કથાઓ કવિ કલ્પિત હશે કે મૂળમાં કાંઇ સત્યતા હોઇ તેમાં કવિની કલ્પનાએ વધારો કર્યો હશે ? તે વિષે અહિં વિવેચન કરતા નથી; પરંતુ આ કથાઓ ઘણી રસભરી અને મનોરંજક હોય છે એમાં સંશય નથી. અમારા જોવામાં જે જે રાસાઓ આવ્યા છે તે સઘળામાં અમે એકવાર સામાન્ય રીતે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોઈયે છીયે કે તે બધામાં અદ્દભુત સંકલના શ્રોતાઓના મનને ચમત્કાર ઉત્પન્ન કરાવે છે તેથી કવિઓ તે કારણે લોકશ્રદ્ધાને પીછાણી શક્યા હશે એમ સમજાય છે.

મંત્ર સિદ્ધિ, સુવર્ણ સિદ્ધિ, રત્નાદિકના ચમત્કારી ગુણો, ભૂત પ્રેતાદિકની અદ્દભુત ક્રિયાઓ, આકાશ ગમન, વૃક્ષાદિનું એક ઠામથી બીજે ઠામ ઉડી જવું ઈત્યાદિ અનેક કથાઓ એવા રાસાઓમાં વર્ણવેલી છે. ધર્મ અને સુનીતિને કેવો ગાઢ સંબંધ છે તે જૈન કવિઓના લખાયેલા રાસો ઉપરથી સ્પષ્ટ માલમ પડી આવે છે. ”

ઉપર પ્રમાણે રા. બ. કાંટાવાળાએ જૈન રાસોના સંબંધમાં તે રાસોની કથા રસભરિત અને મનોરંજક હોય છે, તેમ કહ્યું છે, તેમાં તો તે અમારા અભિપ્રાયને મળતા છે, પરંતુ કલ્પિત છે કે કંઈ સત્યતા યુક્ત છે, તેમાં તેઓશ્રી શંકાશીલ જોવાય છે; તો તે સંબંધમાં મારે જણાવવું જોઈયે કે, જેમ મિમાંસક દર્શનના મુખ્ય શાસ્ત્ર વેદ ઈશ્વર પ્રણિત હોઈ, તેમાં આવેલ કથાઓ સત્ય હોઈ શકે, તેમ જૈન ધર્મના મૂળ સૂત્રો ( આગમો ) કે જે તિર્થંકર ભગવાને પ્રરૂપેલા હોઈને આ જૈન રાસો તે આગમોના કથાનકોમાંથી પદ્ય રૂપે ઉદ્ધૃત થયેલા હોવાથી તે સપ્રમાણ છે. હાલમાં તેવા રાસો સુમારે પોણા ચારસો હાથ આવ્યા છે, છતાં બીજા રાસો પણ ભંડારોમાં પડેલા હોઇ અને પ્રસિદ્ધિમાં ન આવ્યા હોય તે બનવાજોગ છે; એટલે જો આ બધા રાસો પ્રગટ થાય તો અનેક કાવ્યદોહનો તે સંગ્રહમાંથી બહાર આવી શકે.

જૈન દર્શનમાં શ્વેતાંમ્બરી અને દિગમ્બરી એમ બે મુખ્ય ભેદો છે. શ્વેતાંમ્બરીમાં મૂર્ત્તિ પૂજક અને સ્થાનકવાસી એમ બે ભેદો છે. જોવાતા રાસ સંગ્રહમાં શ્વેતાંમ્બર મૂર્ત્તિ પૂજક જૈન મહાત્માઓની કૃતિના ઘણા રાસો છે. જ્યારે સ્થાનકવાસી કૃત ધર્મસીંહજી, ધર્મદાસજી, ખોડીદાસજી, જેમલજી ઋષી, તિલોકઋષી, જેઠમલજી અને હમણાં થઈ ગયેલા શ્રી ઉમેદચંદ્રજી ઈત્યાદિ મુનિઓએજ થોડા રાસો લખી ગુજરાતી સાહિત્ય વૃદ્ધિની દિશામાં કંઈક પ્રયત્ન કર્યો છે, તેમ મારે કહેવું જોઈયે. કવિતા જેવી ચીજ સારા રાગમાં ગવાતાં ઘણા જીવોને પ્રિય થયેલ છે. ગાયનથી મનુષ્યો તેમજ પશુઓનું પણ ચિત્ત લલચાય છે. જેથી કવિતા તરફ રૂચિ કરાવી ભકિતને નીતિના રસ્તે દોરવાનું કાર્ય આવા મનોરંજક રસભરિત રાસોવડે જૈન મહાત્માઓએ કરેલું હોય તેમ ચોક્કસ જણાય છે. શાસ્ત્રોના વાંચનનું બાળ જીવોને કઠિન કાર્ય હોવાથી આવા રાસો વાંચવાથી તે વધારે પ્રિય થઇ સંગીતના રસ સાથે બોધ પામી શકે છે. કેટલાક રાસો વાંચતાં તેના મહા પુરૂષોએ તર્ક અને કવિત્વ શકિતને એટલી બધી સરાણે ચઢાવી હોય છે કે તે વાંચતાં તે પુરૂષોના બુદ્ધિબળની પરીક્ષા સ્વાભાવિક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થઇ જાય છે. દરેક રાસમાં મુખ્ય પાત્રે સંસાર ત્યાગી તેમણે સ્વર્ગ કે મોક્ષ સુખની પ્રાપ્તિ કર્યાનું જણાય છે કે જે દરેક જીવોને તે મેળવ્યા સિવાય છુટકો નથી. મોક્ષગામી ઉચ્ચ પાત્રનેજ કવિશ્રી મૂળ ગ્રંથોમાંથી મુખ્ય પાત્ર તરીકે રાસમાં પસંદ કરે છે, અને ખરેખરા સદ્વર્તનશાળી ઉચ્ચ કોટિના પાત્રને જ સદ્ગુણશાળી બનાવવાનો કવિનો આશય સ્તુતિ પાત્ર અને ઉપકારક છે.

જૈન કવિશ્રીના અનેક રાસોમાંથી કેટલાક જેમકે વિમળ મંત્રીશ્વરનો રાસ, કુમારપાળનો રાસ વિગેરેમાં ઐતિહાસિક જ્ઞાન આપવાનો યોગ્ય પ્રયત્ન થયો છે, એટલે રાસોમાં માત્ર મહાત્માઓના જીવનવૃત્તાંત નથી, પરંતુ ઐતિહાસિક સાહિત્ય પણ આવેલ છે. તેની સાથે વ્યવહારનું જ્ઞાન, જ્યોતિષ, સામુદ્રીક શાસ્ત્રનું જ્ઞાન, પણ કિંચિત્ કિંચિત્ જણાય છે. વળી મહાત્મા શ્રીકૃષ્ણજી વિગેરે યાદવો જૈનધર્મી હતા. વલ્લભીપુરના રાજા શીલાદિત્યના દરબારમાં પણ જૈન મહાત્માઓ ધર્મ સંબંધી સંવાદ કરતા હતા. વનરાજ ચાવડાથી માંડીને વિશલદેવ વાઘેલા અને રાજા કુમારપાળ સુધીનો ઇતિહાસ તપાસીએ તો તેમાં જૈન મુનિઓ અને જૈન મંત્રીઓ અનેક થઇ ગયા છે તે દેખાય છે, આવા રાસા જૈન મહાત્માઓ ઉપરાંત જૈન ગૃહસ્થોએ પણ લખી ગુજરાતી સાહિત્યમાં આભવૃદ્ધિ કરી છે. જેથી એમ જણાય છે કે ગુજરાતી સાહિત્યની વૃદ્ધિ માટે અને ધર્મ નીતિના સિદ્ધાંત તરફ જન સમૂહને વાળી શકાય તેવા પાત્રો આગમ સૂત્રોમાંથી પસંદ કરી, તેમના વર્ણનો બતાવવાનો પ્રયત્ન પણ આ રાસોમાં કરવામાં આવ્યો છે; આમ છતાં કિંચિત પણ કોઇપણ મહાશયે જૈન ગુજરાતી સાહિત્યને અત્યાર સુધી પુરતો ઇન્સાફ આપ્યો નથી તેથી તે તરફ જન સમાજનું લક્ષ જોઇયે તેટલું ખેંચાયું નથી. જૈન કવિઓ કે જેની કૃતીથી ગુજરાતી ભાષા ગુજરાતમાં જન્મ પામ્યાનું જૈન ઇતિહાસથી પ્રથમ માન ધરાવે છે, એમ જણાય છે, અને તે ગુજરાતી ભાષા ગુજરાતી કવિતાની ભાષામાં (કવિતાઓમાં) સવી, નયરી, વિગેરે જુની ગુજરાતી ભાષાના શબ્દોનો ઉપયોગ થયેલો હોવાથી તેને હાથ પણ અડાડ્યો નથી ઉપરાંત તેને ગુજરાતી ભાષાના સાહિત્યમાંથી તેને બહિષ્કાર કરવાનું કોઇપણ રીતે વ્યાજબી નથી. જો કે આપણી આ ગુજરાતી સાહિત્ય પરિષદનું લક્ષ તેના ઉપર કેટલાક વખતથી ગયેલ હોવાથી જૈન સાહિત્યે ગુજરાતી સાહિત્યમાં પણ મોટો ફાળો આપ્યો છે એમ હવે કેટલાક સાહિત્ય પ્રેમી સાક્ષર બંધુઓને જણાયું છે તેથી ખુશી થવા જેવું છે.

હાલમાં માત્ર ગુજરાતી પાંચ ધોરણ ભણી ઇંગ્રેજી સ્કુલો અને આગળ કોલેજોમાં દાખલ થઇ, ભણી અને ઉપાધિ મેળવનાર કેટલાક ગુજરાતી બંધુઓ કહે છે કે હાલમાં વિદ્વાનોની સંસ્કૃતમય ગુજરાતી ભાષા અમારાથી સમજાતી નથી, તેટલા ઉપરથી તેવા વિદ્વાનોની તેવી કૃતિ વાંચવાથી દૂર રહેવાય નહિ, તો પછી તેનાથી ગુજરાતી ભાષાને પણ ગુજરાતી ભાષા સાહિત્ય ન કહેવું એમ બનેજ નહીં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રથમથીજ જૈન સાહિત્ય તરફ બેદરકારી બતાવવામાં આવી ન હોત તો ગુજરાતી સાહિત્યને પરિપુષ્ટ થવાની જોગવાઈ કયારની મળી ગઈ હોત; પરંતુ આમાં કેટલેક અંશે જૈન કોમ પણ પોતાના તેવા પ્રમાદ માટે ઠપકાપાત્ર છે. કેટલાક વિદ્વાનો કહે છે તેમ જૈન ગદ્ય, પદ્ય સાહિત્ય તો માત્ર તેમના ધર્મને લગતું હોવાથી ગુજરાતી ભાષાના અભ્યાસીઓનુ લક્ષ તેના તરફ ખેંચાયું નથી તે પણ તેઓનું અજાણપણું સુચવે છે.

ગુજરાતી ભાષાના પ્રથમ જન્મકાળમાં જૈન મુનિઓ અને જૈન મંત્રીઓ દર્શન દેતા જણાય છે. જૈનોના સંપૂર્ણ ઉદયકાળમાં જ્યારે બીજાઓ તેઓ તરફ જુદા ભાવથી જોતા હતા, ત્યારે એ જૈન મહાપુરૂષો બીજાઓ તરફ ઉદાર ભાવથી વર્તતા હતા, એમ ગુજરાતનો જૈન ઈતિહાસ અને આવા રાસો તપાસતાં જણાય છે; એટલુંજ નહીં પરંતુ તે તે પ્રસંગોએ મુનિઓએ સાહિત્ય, રાસો, કાવ્યો, ઈતિહાસ અને ઉપદેશક ગ્રંથો લખી ગુજરાતના સાહિત્યની વૃદ્ધિ કરી છે. તેમજ જૈન ગૃહસ્થો વસ્તુપાળ–તેજપાળ જેવા અમાત્યો વગેરે એ પણ લખી સાહિત્યમાં અભિવૃદ્ધિ કરી છે; જેથી એમ જણાય છે કે ગુજરાતી સાહિત્યની વૃદ્ધિ માટે અને ધર્મનીતિના સિદ્ધાંતોના સમાજમાંપ્રચાર માટે અસાધારણ શ્રમ લઈ બીજાઓ માટે અનુકરણીય દ્રષ્ટાંત મુકયું છે. તેવું જૈન સાહિત્ય હજુ પણ અપ્રગટ અવસ્થામાં જ્યાં ત્યાં પડી રહી ઉદ્ધઈને બતાવી દેવાનો, કે પ્રમાદવશ તેનો અયોગ્ય નાશ થવા દેવાનો આ જમાનો નથી. અત્યારના બ્રિટીશ રાજ્યમાં તે સંરક્ષિત હોવાથી તેને જલ્દી પ્રગટ કરવાનું કાર્ય જૈન દર્શનના મુનિઓ અને શ્રીમાનો જલ્દી મુખ્યત્વે કરીને હાથ ધરશે એમ અમે નમ્ર ભાવે સૂચના કરીએ છીયે. ઉપર જણાવેલ રાસાઓ જૈન ઉપાશ્રય ધર્મના સ્થાનમાં આજે પણ ચોમાસાના–નિવૃત્તિના–દિવસોમાં તેમજ કેટલેક સ્થળે ઉનાળાના લાંબા દિવસોમાં પણ બપોરના વખતે મુનિ મહારાજાઓ કે જાણકાર જૈન ગૃહસ્થો વાંચે છે અને અનેક શ્રોતાઓ શ્રવણ કરે છે. જૈન શાસ્ત્રો આગમો વાંચવા–વિચારવા કે સમજવાનું સામાન્ય જીવો માટે મુશ્કેલ હોવાથી તેઓના લાભ માટે ધર્મનીતિનું સરળ રીતે શિક્ષણ આપનારા આવા રાસો આ દેશમાં રચનાર મહાપુરૂષોએ તેવા ચારસો પાંચસો વર્ષનો ભૂતકાળ તપાસતાં જનસમૂહ ઉપર મહદ્ ઉપકાર કર્યો છે એમ સહજ જણાય છે. ગુર્જર ભાષાની સ્થિતિ પ્રદેશમાં જૈન કવિઓ સારી રીતે દીપી ઉઠ્યા છે. આવા રાસોમાં આવેલી તેમની કવિતાઓએ અનેક રંગો દેખાડ્યા છે. અનેક દાખલા દ્રષ્ટાંતો આપી દાન–શીલ–તપ–ભાવના–અહિંસા–સત્ય–બ્રહ્મચર્ય, સર્વ જીવ પ્રત્યે મૈત્રી–કરૂણા–પ્રમોદ અને માધ્યસ્થપણું વિગેરે બાબતનો મહીમા બતાવવા કવિવરોએ સારો શ્રમ લીધો છે. આ બાબતમાં ધ્યાન ખેંચવું જોઇએ કે શ્રી નરસિંહ મહેતા, પ્રેમાનંદ, દયારામ કે ભાલણ કવિની કે તેવા બીજા ગુજરાતી કવિઓની કર્િ .તાઓ ધર્મ ને આગળ રાખીને રચાય છે, એક શામળભટ્ટ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સિવાય બીજા જુના ઘણુખરા કવિઓની કવિતા પોતાના ધર્મને જ લગતી છે. પોત પોતાના ધર્મને લગતી કવિતાઓને પણ ગુજરાતી ભાષામાં સ્થાન મળવું જ જોઇએ.

ઘણુંખરૂં સંસ્કૃત કવિઓનું અનુકરણ કરી અસલના ગુજરાતી કવિઓ પોતાની કવિતાઓ રચી ગયા છે અને તેમાં ઘણો ભાગ ધર્મ સંબંધી છે. આપણા ભારત વર્ષમાં ધર્મ ભાવ ને આત્મવાદનું પ્રાબલ્ય હોવાથી જેઓ ધર્મ સંબંધી કવિતા લખે છે તેજ કવિતા, કથા, રાસા વગેરે આ દેશની પ્રજા પછી તે પોતે ગમેતે ધર્મ પાળતી હોય તેને પ્રિય તથા પૂજ્ય થઇ પડે છે અને તેથી તેઓ પરંપરાએ અમર થાય છે. જેથી આટલી હકીકત નિવેદન કર્યા પછી સ્પષ્ટ સમજાશે કે ધર્મ વિષયે લખાયેલી કવિતાઓ પણ ગુજરાતી ભાષા સાહિત્યમાંથી જેમ બાતલ કરી શકાય નહિં તેમ તેપણ ગુજરાતી સાહિત્યમાં અમુક સ્થાન ભોગવતી હોવાથી ગુજરાતી સાહિત્યની અભિવૃદ્ધિના અંગો પૈકીનું એક મુખ્ય અંગ છે ! ! !

# ચારિત્ર્ય બંધારણ.

લેખકઃ—શિષ્ય.

( ૧ )

પ્રિય વાંચનાર ! તારે તારૂં ચારિત્ર્ય વિચારપૂર્વક અને સત્વર શુદ્ધિ કરવાની શી જરૂરિયાત છે, તેનો તારા હૃદયમાં કોઈવાર પ્રશ્ન થાય છે ખરો અને થાય છે તો તેનો તું શું જવાબ આપે છે ? ભાઈ ! ચારિત્ર્યનો વિકાસ કરવાની આવશ્યકતા એટલા માટે છે કે જ્યાં સુધી ચારિત્ર્ય સારૂં થતું નથી ત્યાં સુધી સુખ, ખરૂં સુખ, મળતું નથી તેમજ અંતરાત્મામાં શાંતિ પ્રાપ્ત થતી નથી. તેમજ જીવનમાં ચારિત્ર્યનો વિકાસ કરવો એ ધર્મ છે, એ ફરજ છે, એ કર્તવ્ય છે, એ દૃષ્ટિબિંદુથી પણ જોવાની જરૂર છે. તું કોઇ અમુક હેતુને ખાતર જીવે છે, અને તારા અંતઃ-કરણના ઉંડાણમાં તે બાબતની કંઈ ઝાંખી ખાત્રી છે. તું એક અમુક બાબતની શોધમાં છે. જે બાબતની ન્યૂનતાને લીધે તારા જીવનમાં પૂર્ણ શાંતિ થતી નથી, તને જીંદગીમાં સંતોષ મળતો નથી. દિન પ્રતિદિન તારા ભાવિના સંયોગો તું ઘડતો જાય છે, તેમજ જન્મે જન્મે તારા મહાન્ ભાવિના સંયોગો પણ તું ઘડતો જાય છે; અને તે ઘડામણી આ જીંદગીના બનાવોમાં તેમજ ભૂતકાળની જીંદગીના બનાવોમાં અને થોડી ઘણી હવે પછીની જીંદગીના બનાવોમાં થતી ગઈ છે, થતી જાય છે અને થતી જશે. તારા નાનકડા ભાવિનો તેમજ તારા મહાન ભાવિનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્તા તું છે. તારા પ્રયત્ન પર તારૂં ભાવિ અવલંબેલું છે. તારૂં ચારિત્ર્ય તારા હાથમાં છે. તું તેનો ઘડનાર છે.

તારે બદલે કોઈ ખાઈ શકે નહિ, કોઈ શીખે નહિ, કોઇ લાગણી બતાવી શકે નહિ, કોઈ વિચાર કરી શકે નહિ; તેમજ તારે બદલે તારી ઇચ્છા–સકિતનો કોઈ વિકાસ કરી શકે નહિ. તારા સંયોગો કદાચ તને વિકાસ કરવામાં સહાય કરવામાં સહાય કરનારા છે કે વિઘ્ન કરનારા છે તે તુંજ સમજી શકે, અનુભવી શકે, પરંતુ બીજાને તેનો પૂરેપૂરો ખ્યાલ કરી શકે નહિ. જેવી રીતે એક બીજમાં રહેલી શકિત, તે બીજનો વિકાસ કરી અમુક આકાર આપે છે, તેવીજ રીતે તારી અંદર રહેલી શક્તિએ તું કેવો મનુષ્યભાવને પામીશ તેમજ આગળ જતાં દેવભાવને પામીશ તેનો નિશ્ચય કરી રાખેલ છે. જેવી રીતે ગુલાબનું બી વાવીને તેમાંથી બાવળ થાય એવો કદી સંભવ હોતો નથી, તેવીજ રીતે જે થવાનું તારે માટે નિર્માણ થએલું છે તેમાંથી કોઇ માણસ, કે કોઈ સંયોગો, કે કોઈ બાબત તેમાં મીનમેખ કરી શકે તેમ નથી. કોઇપણ સામાન્ય બીજમાં રહેલી ગુહ્ય શકિત અજબ ચમત્કૃતિવાળી છે, તો પછી માનવીમાં રહેલી ગુહ્યશકિત કેવી અજબ ચમત્કૃતિવાળી હશે તેનો ખ્યાલ બાંધવો એ સાધારણ કલ્પના શકિતવાળાનું કાર્ય નથી. માનવીમાં જ્યારે અજબ શક્તિ રહેલી છે, ત્યારે કોઈપણ માનવીએ પોતાની વૃદ્ધિ માટે બહારની કોઇની રાહ જોવાની નથી; પરંતુ પોતે પોતાના માળી બનવાનું છે, પોતાનું ભાવિ પોતાનેજ સમજવાનુ છે, અને પોતાને જેવા બનવું છે તેમાં પોતાના હાલના સંયોગો તેને કેવી રીતે મદદ કરી શકે તેમ છે, તેનો તેને વિચાર કરવાનો છે.

તારા અંતરાત્માએ તો નિશ્ચય કરેલો છે કે ચારિત્ર્યનો વિકાસ કરવો, અંદર રહેલી શકિતયોને પ્રગટાવવી. તે પ્રગટાવવામાં પ્રયત્નો પણ કરવા અને જુદા જુદા અનુભવો પણ અનુભવવા. સ્વતંત્રતા, પ્રેમ, અને સત્યનો તું પૂજારી છો. શરીર માત્ર મોટું સ્થૂળ હોય તે જેમ ઉપયોગનું નથી પણ શરીર સારૂં અને તંદુરસ્ત અને જ્યારે કામ કરવાનું હોય ત્યારે આળસનો ત્યાગ કરે તે ઉપયોગનું છે; તેવીજ રીતે આંતરભાવના કેવા ઉત્કૃષ્ટ પ્રકારની છે તે જોવાનું છે, માત્ર કેટલી બધી છે તે જોવાનું નથી. ધન, સત્તા અને કીર્તિ અથવા કોઇ તેવી બાબતો આંતરૂભાવના પ્રગટાવી શક્તી નથી અથવા તેથી આત્માનંદ પ્રકાશ થતો નથી પરંતુ સ્વતંત્રતા, પ્રેમ અને સત્યનો સાક્ષાત્કાર થતાં આત્માનંદ અનુભવાય છે.

જેઓ આ પ્રકારનું આંતરૂ યુદ્ધ લડી રહ્યા છે. તેઓ જો આ ઉચ્ચ બાબતો તરફ ધ્યેય રાખી લડતા હશે તો તેઓ ચોક્કસ વિજયવંત નીવડશે, કારણકે આંતરૂ શકિત–ઈશ્વરી શકિત તેઓના પક્ષમાં રહેશે; પરંતુ જેઓ માત્ર બહારની દુનિયાની બાબતોમાં વલખાં માર્યા કરે છે, તરફડીયા મારે છે તેઓ તે પ્રકારના યુદ્ધમાં પોતાની ઈશ્વરીશકિતને પ્રગટ કરી શકતા નથી અને તેઓનું ધ્યેય ઉચ્ચ પ્રકારનું નહિ હોવાથી તેઓ વિજયવંત નીવડતા નથી. જે બાબત ચા-

For Private And Personal Use Only

રિત્ર્યમાં રંગાઇ ગઇ હોય છે તેની છાયા બાહ્યજીવન પર પડયા વિના રહેતી નથી. તે છાયા નજરે પડતાં સાધકને ઉત્સાહ આવે છે. અને ઉત્સાહમાં વિશેષ જ્ઞાનપૂર્વક દઢતાથી વિચાર કરીને ચારિત્ર્ય બંધારણનું કાર્ય હાથમાં ધરે છે. જે માનવી પોતાની શક્તિયોનો વ્યાજબી ઉપયોગ કરે છે તેને દુનિયાના ઐહિક સુખો પણ પ્રસંગવશાત મળી જાય છે. તે જીંદગીની દરેક બાબતનો બીજાના કરતાં સારી રીતે ઉપયોગ કરશે. જીવનની જ્યોત નિશદીન ઝળહળ્યા કરે છે જીવન જીવનારની ગ્રાહ્યશકિત અનુસાર જ્યોત નજરે પડે છે. કીડાનું જીવન અને અશ્વનું જીવન સરખું હોતું નથી. તેમજ અશ્વનું અને માણસનું પણ સરખું હોતુ નથી. માણસનું અને દેવનું સરખું હોતુ નથી. સંયોગોમાં રહી ચારિત્ર્ય ઘડાય છે અને તદ્ અનુસાર તર્કો ઘડાતી જાય છે.

જીવનપ્રવાહમાં હંમેશાં તમારા ચારિત્ર્યમાં કંઇને કંઇ ફેર થતો જાય છે. પ્રત્યેક અનુભવ કંઇક શકિત, સમજ અથવા લાગણીનો ઉમેરો કરે છે. ઘડાતા ચારિત્ર્યપર પ્રત્યેક વિચાર તેમજ વૃત્તિની કંઇ કાયમની અસર પડતી જાય છે. બાહ્ય સંયોગોને પણ વિસારી દેવાના નથી. પડેલી અસર કેટલો વખત ટકી રહે છે તે સંયોગો અને અંદરના બળ પર જોવાનું છે. બાહ્યસંયોગો અને આંતર્ ભાવના વચ્ચે આઘાત–પ્રત્યાઘાત થયા કરે છે જેને પરિણામે માનવીના ચારિત્ર્યમાં તેમજ તેની બહારની દુનિયામાં કંઇને કંઇ પણ ફેરફાર થાય છે.

આ સ્થાને આપણે બહારના સંયોગો પર શો ફેરફાર થયો છે તેનો અભ્યાસ કરવાનો નથી, પણ આંતર્ ભાવનામાં કેટલે અંશે ફેરફાર થયો છે, થાય છે તેનો અભ્યાસ કરવાનો છે. બે માનવીઓ એકજ આગબોટમાં બેસી દરિયાની મુસાફરીએ જાય છે. કર્મવશાત્ મધદરિયે તોફાન થાય છે, આગબોટ ડૂબી જાય છે. બન્ને જણા જીંદગી બચાવવા આમતેમ વલખાં મારે છે, બન્નેને એક પાટીયું હાથ આવે છે, દૂર જતાં બીજી આગબોટવાળા તે બન્નેને બચાવી લ્યે છે. પરંતુ તે બન્નેને અનુભવ શું થયો તેમ પૂછશું, તો વિધવિધ પ્રકારનું વર્ણન આપશે. બન્નેની આંતર્ ભાવનામાં ફેરફાર થયો હશે તો પણ જુદી જુદી દષ્ટિથી તેનું કારણ એટલુંજ બન્નેના ચારિત્ર્યમાં ફેરફાર છે. એકમાં દુઃખીજનો માટે અનુકંપા વધારે ખીલી હશે. બીજામાં સમજશકિત વધારે ખીલી હશે. એક મનુષ્ય જાતિ માટે વધારે પ્રેમ રાખતા શીખ્યો હશે. બીજો પ્રભુમાં વધારે શ્રદ્ધાળુ થયો હશે.

પ્રત્યેક માણસની આંતર્ભાવના હરઘડીએ બદલાતી જાય છે. જીવનમાં સ્થિરતા રહેતી નથી, રહી શકતી નથી. જેટલે અંશે માણસ કાર્ય કરવાનો પ્રયત્નશીલ થાય છે, જ્ઞાન મેળવવાને–સમજવાને યત્ન કરે છે, પ્રેમ વિકસાવવાને–ભકિતવાન થવાને પ્રયાસ કરે છે, તેટલે અંશે તેની આંતર્ભાવના સત્વર અથવા મોડી વિકસે છે. સ્થિર રહેવું–કંઇ ન કરવું એ તો મૃત્યુ પામવા સમાન છે, અથવા નિ-

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દ્રામાં પડવા સમાન છે. મહાન્ ભક્તો-સમાધિસ્થ યોગીજનો પણ શાંત રહેતા નથી, કંઇ કરતા નથી એમ નથી. તેઓની ભક્તિમાં કે સમાધિમાં પણ તેઓ જ્ઞાનપૂર્વક અમુક જાતનો પ્રયત્ન કરી રહ્યા છે. તેઓ ઈશ્વરીશક્તિ પોતામાં ખેંચે છે અને પછી માનવજાતિના કલ્યાણ માટે તેઓ માનવીઓ તરફ તે શક્તિ વહેવા દે છે.

બીજના ગર્ભભાગમાં જે રહેલ છે, આત્માના ઉંડાણમાં જે રહેલ છે, માનવીના ચારિત્ર્યની પેલી પાર જે રહેલ છે, તેને વિશે અત્યારે તો આપણે બહુ થોડું સમજીએ છીયે, તેથી વહેવાર માટે હાલ તુરત તો આપણે ચારિત્ર્ય અને આત્માની શક્તિયો સમજવા પ્રયત્ન કરશું. હાલ તુરત માટે માનવી એટલે ઉત્તમ ચારિત્ર્યની મૂર્તિ અને માનવીનો વિકાસ એટલે ચારિત્ર્યનો વિકાસ એ દૃષ્ટિબિંદુથી સમજશું.

જ્યાંસુધી આપણે આ સત્ય સમજશું નહિ અને સમજી તે પ્રમાણે વર્તશું નહિ, ત્યાંસુધી જીંદગી તમને શાશ્વત સુખ આપી શકશે નહિ. આધ્યાત્મિક તૃષાથી તમને શાંતિ વળશે નહિ પરંતુ માનવીની જીંદગીના આ ધ્યેય તરફ તે તૃષા તમને ઘસડશે. જેમ જેમ ચારિત્ર્યનો વિકાસ થતો જશે તેમ તેમ માનવી વિજયવંત નીવડશે.

પ્રાણીની જેમ વિસરી જવાની પદ્ધતિથી માનવીનો વિકાસ થતો નથી. સુંદર બીડમાં ચરતા ઘેટાંને ભૂતકાળ સાંભરતો નથી તેમજ ભવિષ્યનો વિચાર આવતો નથી. તે તો વર્તમાનમાં જે સુંદર ઘાસ ખાવાનું મળ્યું તે ખાતાં આનંદ અનુભવે છે. માનવી ભૂતકાળને વીસરતો નથી, ભવિષ્ય ઈચ્છાએ કે અનિચ્છાએ સીધી રીતે કે આડકતરી રીતે ખડું થયા સિવાય રહેતું નથી. વર્તમાનમાં તે વર્તે છે. શા માટે વર્તે છે તેનું પણ તેને ધ્યાન હોય છે. માનવીએ આગળ વધવું હોય તો ઈચ્છાશક્તિ વધારવી જોઈએ, જીંદગીનો હેતુ તેનો અર્થ સમજવો જોઈએ અને પરમાત્માના ઉપદેશ કે વાણીમાં પોતે સહકાર કેમ કરી શકે તેનો સતત વિચાર કરી પ્રભુપ્રેમ પ્રગટાવવો જોઇએ.

દુનિયાની સપાટી પર નજર કરશો તો માનવી કંઇને કંઇ પ્રયત્ન કરી રહેલ છે. જ્યારથી માનવી જે જે સ્થળે જન્મ લે છે ત્યારથી તેણે પોતાની મગજશક્તિ વાપરીને તેમજ હાથપગથી કામ કરેલું છે. માનવીએ પૃથ્વીના પડને ખોદ્યું છે. પથરાઓ અને લોઢાને એકઠાં કર્યાં છે, શહેરો અને અજાયબી પમાડે તેવા સુંદર મહેલો બાંધ્યાં છે, ભાષાઓ ઘડી છે, રાજ્યનીતિ રચી છે. પરન્તુ આ બધું થોડા કાળ સુધી ટકેલું છે અને પછી કાળના પ્રવાહમાં તણાઈ ગયું છે, જાય છે, અને જશે. ગ્રીસ, રોમ, ખાલ્ડીઆ, પેરૂ, ઈજીપ્ત અને હિંદના મોહ પમાડે તેવા યુગો પલટાઈ ગયા છે. તેઓની મહેલાતો ધૂળમાં રગદોળાઇ ગઈ છે. તેઓની ભાષા મરણપથારીએ પડી છે. પરંતુ તેઓના શ્રમથી જે ચારિત્ર્ય બંધારણ બંધાયું હતું તે

For Private And Personal Use Only

ચાલ્યું ગયું નથી, પરન્તુ તેનો વારસો કાયમને માટે આપણને મળેલો છે. કાર્યની કીંમત નથી, પરન્તુ કાર્યની પાછળ રહેલી ભાવનાની કીંમત છે.

દુનિયા એ અનુભવની પ્રાપ્તિ માટેની શાળા છે. તે કંઇ ગોખણપટ્ટી કરવાની માત્ર નિશાળ નથી. તે શાળામાં રમતને મુખ્ય સ્થાન છે. રમવાનાં રમકડાં સાદા નથી, અર્થ વગરના નથી. રમકડાંજ શિક્ષણ આપી રહ્યા છે. બહુ જ્ઞાન પ્રાપ્ત કરવાથીજ માણસને શાંતિ મળતી નથી, પરંતુ જ્ઞાનને અમલમાં મૂકવાથીજ શાંતિ મળે છે. એક યુવાન માણસને જ્ઞાનનો બહુ શોખ હતો, વાંચનનો શોખીન હતો. મહાન પુસ્તકાલયમાં જઇ અનેક થોથાં વીંખવાની તેને ટેવ હતી. તે પ્રમાણે તે જ્ઞાન વધારતો હતો. વખત વહેતાં તે વાંચતાં કંટાળ્યો. તેને નાસીપાસી થઇ, અનેક જન્મો સુધી પોતે વાંચવાંચ કરે તો પણ પુસ્તકોનો પાર ન હતો. આખરે તે સમજ્યો કે માત્ર વાંચવાંચ કરવામાં સાર્થકતા રહેલી નથી. માત્ર ચોપડા વાંચવાથી શાંતિ વળવાની નથી. પણ ઉપયોગમાં આવે તેટલું જ્ઞાન પ્રાપ્ત કરવાની જરૂર છે. ખરી બાબત તો એ છે કે જીવનમાં સત્યનો રંગ આવવો જોઇએ, ધ્યાનની છાપ પડવી જોઇએ, સેવાનો નાદ ગાજવો જોઇએ, ભક્તિની ઘંટા વાગવી જોઇએ. ( અપૂર્ણ )

લે—શિષ્ય

॥ श्री वीतरागायनमः ॥

## श्रीमद्विजयानन्दाष्टक ।

हो विजय विजयानन्द सूरि महर्षि विद्या-धामकी,
करिए श्रवण चरितावली सुखसिन्धु आत्माराम की ।
उपदेश को जिसके श्रवण कर नर गुणों से भर गये,
दुस्तर भवोदधि को सहज में, पतित जन भी तर गये ॥ १ ॥
थे अमित ग्रंथों के विधाता धाम थे उपकार के,
निर्लोभ थे निष्काम थे, थे जलधि सद्व्यवहार के ।
संस्थायें स्थापित हैं हुई जिनके करों अगणित यहां,
विद्यालयों के सहित ग्रंथालय हुए संस्थित यहां ॥ २ ॥
था रूप अति अभिराम निर्जित काम जिनका तेजमय,
शुभ लक्षणान्वित, विश्व में दायक महाभय को अभय ।

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



देवेश का आदेश ज्यों है देवगण पर चल रहा,
त्यों ज्ञान बल से विवश आत्माराम के भूतल रहा ॥३॥

संसार की निःसारता का सार जिन को था मिला,
परलोक के आलोक से था हृत्कमल जिनका खिला।
संसृति रही दासी, उदासी किन्तु उस से वे रहे,
निःस्वार्थ हो परमार्थ-रत मिलते न वे किस से रहे? ॥४॥

मिथ्या विमत का जाल उन पर पड गया कुछ काल था,
मानो द्युमणि के साम्हने आकर अडा घन-जाल था।
घनजाल वह पर शास्त्र परिशीलन-पवन से फट गया,
भ्रम-तम हुआ था स्वप्न में मानो जगे पर हट गया ॥५॥

वे सत्यता के शस्त्र से सज्जित सदा रहते रहे,
सच्छास्त्र जो कहता उसे करते रहे कहते रहे।
विद्वेषियों के विघ्न से वे ऊबते मन में न थे,
कामादि उनके स्वप्न में भी व्यापते मन में न थे ॥६॥

नरकेशरी के सम विपक्षी-गण उन्हें था लेखता,
ज्यों सूर्य को नक्षत्र-गण है गुप्त होकर देखता।
कोई विवादी वाद में उनके न सम्मुख था रुका,
उनके कमलवच्चरण पर किसका न मस्तक था झुका ॥७॥

गुरु-देव-धर्मों के निरूपण रूप का करते हुए,
जिज्ञासुओं के हृदय के संदेह को हरते हुए।
लीला यहाँ की पूर्ण जैनाचार्य ने करदी यहीं,
उनकी सदा ऋणिया रहेगी भव्य भारत की मही ॥८॥

ज्येष्ठ शुक्ला ८, सं० २४६०
(१० जून १९३४)

[ रामचरित उपाध्याय.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# सूरीश्वर–जयन्ति.

## पद.

( ભૈરવી. )

આજની પ્રભા પ્રભાત દિવ્ય ભ્રાત ! ભારી,
દીવ્ય આ **જયન્તિ** ગુરૂરાય ગુણ ધારી. આ૦
શ્રીમાન્ **વિજયાનંદ** સૂરીશ્વર છે નામ જેનું,
જ્યેષ્ટ શુકલ સપ્તમી દીન સ્વર્ગ ગમન તેનું. આ૦
અજ્ઞાન તિમિર ધ્વંસ શશી જૈન વ્યોમે સોહે,
વિપુલ વિશ્વ જ્ઞાન દેવી દેખી દીલ મોહે. આ૦
**સન્દેશ શ્રી મહાવીરનો** આ વર્તમાન કાલે,
“ અહિંસા પરમ ધર્મ ” અર્પનાર બિરૂદ ભાલે. આ૦
કર્મ યોગી “ જ્ઞાન ક્રિયાભ્યામ્ ” મોક્ષ માને,
નિવૃત્તિ પ્રવૃત્તિની પવિત્રતા પિછાને. આ૦
સ્યાદ્વાદની મહત્ત્વતા ષટ્ દર્શને બતાવી,
ફરકાવતા ધ્વજ જૈનનો જગ શ્રેષ્ઠતા જણાવી. આ૦
વિવિધ ગ્રંથ વર્તમાન રંગથી બનાવ્યા,
તત્ત્વના રહસ્યો પૂર્ણ પ્રેમથી જણાવ્યા. આ૦
જીવન જ્યોત જેહની આદર્શ રૂપ ભાવો,
આન્દોલનો પ્રકટાવીને તદ્રૂપતા નિપાવો. આ૦
ગુણવાન ના ગુણગાન તાન કરીએ એક રંગે,
ધ્યાતા ધ્યાનથી મિલાવે ધ્યેય ને ઉમંગે. આ૦
ઈષ્ટ છે જયન્તિ કરણ પૂજ્ય પુરૂષ કેરી,
ગ્રહણ અંશ ગુણનો થાવા સાધના છે મેરી. આ૦
દુઃખદ વિરહ આજ ગુરૂરાયનો ગણાયે,
સાદૃશી ન વ્યક્તિ આજ ભારતે જણાયે. આ૦
એ છતાં નિજ શિષ્ય વૃંદ અગ્ર ગણ્ય આજે,
પ્રણાલિ પ્રેમથી સ્વીકારે આત્મ હિત કાજે. આ૦
જય જય જય જય જયન્તિ **આત્માનંદ** ગાવો,
સર્જનો શુભ નિમિત્તે આત્મરૂપને પ્રકટાવો. આ૦

દાદાણી બિલ્ડિંગ
આત્માબ્દ ૨૯
મુંબઇ.

વેલચંદ ધનજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈન સાહિત્ય પરિષદ્—સુરત.

આ માસની વૈશાક વદી ૧—૨—૩—૪ એ ચાર દિવસોમાં ઉક્ત પરિષદ્ સુરતમાં ભરાઈ હતી. સત્કાર કમીટીના પ્રમુખ શેઠ ગુલાબચંદભાઈ નગરશેઠ હતા, જેમણે પ્રથમ દિવસે આવકાર આપનારું પોતાનું ભાષણ વાંચી સંભળાવ્યું હતું. પછી પ્રમુખ માટે દરખાસ્ત મુકવામાં આવતાં પરિષદ્‌ના પ્રમુખ કવિશ્રી ન્હાનાલાલ દલપતરામે પોતાનું વિદ્વતાપૂર્ણ ભાષણ શરૂ કર્યું હતું. પ્રમુખશ્રીએ પોતાના ભાષણમાં જૈન ભંડારો ખુલ્લા મુકવાની જે વારંવાર સુચના કરી છે, તે યોગ્ય છે; કારણકે કેટલેક સ્થળે જૈનોને પણ બતાવવા જેવી કે બીજી નકલ કરાવવા આપવા જેવી સંકુચિત વૃત્તિ જોવામાં આવતી હતી અને આવે છે, તો તેથી જૈન સાહિત્યના વિકાસ માટે તે યોગ્યજ નહોતું. હાલમાં જર્મન ભાષાના ભાષાંતર ઉપરથી ગુજરાતી અનુવાદ રૂપે બહાર પડેલ જૈન તરંગવતીની કથા આખા યુરોપમાં અને હાલ અત્રે જે પ્રસિદ્ધ પામી, જે જૈનકથા સાહિત્ય પ્રશંસા પામેલ છે તે સંકુચિત વૃત્તિથી બની શકેજ નહીં, માટે તે સુચના પ્રમુખ સાહેબની યોગ્ય છે. વળી પ્રમુખ સાહેબે "ગુજરાત સાથે જૈનોનો ઇતિહાસિક સંબંધ સં. ૯૬ ની સાલથી બતાવ્યો છે" તે માત્ર ઇતિહાસના ગ્રંથો બહાર પડેલા છે તે ઉપરથી જણાય છે, પરંતુ જો જૈન ઇતિહાસ અને ગ્રંથોનું તેઓએ અધ્યયન કર્યું હોત અથવા તપાસ કર્યો હોત તો ૯૬ પહેલાં ઘણા વર્ષોથી જ ઇતિહાસિક સંબંધ ગુજરાત સાથે જૈનોને છે તેમ પ્રમુખશ્રીને કહેવું પડત એમ અમો માનીયે છીયે. વળી પ્રમુખશ્રીએ પોતાના ભાષણમાં જણાવ્યું છે કે " ગુજરાતી સાહિત્ય પરિષદ્‌થી પ્રથક એવી આ પરિષદ્ શા માટે ? તે ગુજરાતી સાહિત્યને પોષક હોવી જોઇએ. " તે માટે અમો એમ જણાવવા માંગીયે છીયે કે, વિપુલ અનેકવિધ જૈન સાહિત્ય તેના યોગ્ય સ્વરૂપમાં મૂળ સ્વરૂપ જાળવી રાખી, જમાનાને અનુસરતી લોકભાષામાં જૈનેતરનું ( ભારત વર્ષીય સમગ્ર પ્રજાનું ) તેનાપર ખેંચાણ થાય, તે સાહિત્ય આકર્ષક થાય અને ગુજરાતી સાહિત્યમાં તેનો મોટો ફાળો છે તે બતાવાય, અને તેના વગર ગુજરાતી સાહિત્ય અને તેનો ઇતિહાસ પણ અપૂર્ણ રહે નહીં તે માટે તેમજ અમુક અંશે જૈન કોમનું વ્યવહારિક અને ધાર્મિક હિત સાધી શકાય, વગેરે માટે આવી જૈન સાહિત્ય પરિષદ ભરવાની જરૂર હોય છે, અને તેમ થાય તોજ તે ગુજરાતી સાહિત્યની પોષક બને છે. જૈન કોમ પોતાના ગુજરાતી સાહિત્યને—સમગ્ર ગુજરાતી સાહિત્યને પોષક બનાવવા માટે ઉત્કંઠા ધરાવે છે, પોતાની ફરજ અને કાર્ય સમજે છે, માટે આવી પરિષદ્દો ભરાય છે, પરંતુ અત્રે ભાવનગરમાં ભરાયેલી સાતમી ગુજરાતી સાહિત્ય પરિષદ્‌માં જૈન સાહિત્ય, ગુજરાતી સાહિત્યનું પોષક બનવા જતાં ત્યાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈન સાહિત્ય પરત્વે તે વખતે જોવામાં આવેલી અન્યની અકળામણ, અસહિષ્ણુતા વગેરે જોતાં ગુજરાતી સાહિત્ય કે તેનો ઇતિહાસ કોઈપણ સાહિત્યને અતડા રાખવા જતાં કે પ્રેમ નહીં દાખવતાં શી રીતે સાહિત્યકારો પૂર્ણ કરી શકશે તે અમે સમજી શકતા નથી. જૈન સાહિત્યરસિકોનો સાહિત્યના અંગ તરીકે પોતાનું સ્થાન માંગવાનો હક હોવાથી તેનું સ્થાન કેવું છે ? ક્યાં છે ? તે બતાવવા અને જાણવાની જરૂર છતાં જૈન સાહિત્ય પ્રત્વે બેદરકારી બતાવવામાં આવે તે ખરેખર શોચનીય છે, એમ ધારીને જ વળી પ્રમુખશ્રીએ પોતાના ભાષણમાં કહ્યું છે કે " વર્તમાન સાહિત્યમાં જૈન સાહિત્યને ઘણો અન્યાય થયો છે; " તટસ્થ સાહિત્યકાર એમ કહી શકે તે બનવાજોગ છે. સિવાય જૈન સાહિત્ય સંબંધીના પ્રમુખશ્રીના ભાષણમાં આવેલી હકીકત ખાસ જાણવા જેવી છે. બીજા દિવસની બેઠકમાં કેટલાક ઠરાવો રજુ થયા હતાં જેમાં બીજો ઠરાવ અગત્યનો હતો, તે એ હતો કે બીજી પરિષદ્ મળે ત્યાંસુધી આ પરિષદમાં મંજુર થયેલા ઠરાવોનો અમલ થવા, તેમજ પરિષદ્‌નું કામ ચાલુ રાખવા અને પ્રસિદ્ધ હેતુઓ સફળ કરવા બનતો પ્રયત્ન કરી મેમ્બરો વધારવાની સત્તા સાથે નીચેના ગૃહસ્થોની કમીટી નીમવી અને તેમણે આવતી પરિષદમાં આગલા વર્ષનો કામકાજનો રીપોર્ટ રજુ કરવો. કમીટીના ગૃહસ્થોના નામો નીચે પ્રમાણે છે.

જીવણચંદ સાકરચંદ ઝવેરી, શ્રી ચુનીલાલ ગુલાબચંદ દાળીઆ, શા ભાઈચંદ છોટુભાઈ, શ્રી મુળચંદ કરસનદાસ કાપડીઆ, શ્રી રતનચંદ ખીમચંદ કાપડીયા, શેઠ ફકીરચંદ નગીનચંદ, અને શેઠ દલીચંદ વીરચંદ ( સુરત, ) શેઠ જીવણભાઇ કપુરચંદ ( વીંઝ, ) શેઠ મુળચંદ આશારામ અને શા. વર્દ્ધમાન સ્વરૂપચંદ (અમદાવાદ,) મણીલાલ મોહનલાલ પાદરાકર પાદરા, શેઠ અંબાલાલ ચતુરભાઇ પેટલાદ, શેઠ મોહનલાલ દલીચંદ દેશાઈ મુંબઈ, શેઠ વલ્લભદાસ ત્રિભુવનદાસ ગાંધી અને શેઠ કુંવરજી આણંદજી ( ભાવનગર ) શેઠ મણીલાલ ખુશાલચંદ પાલણપુર, પં. લાલચંદ ભગવાનદાસ વડોદરા, શ્રી જગજીવનદાસ ઉત્તમચંદ પાટણ, અને શા. વેણીચંદ સુરચંદ મહેસાણા.

તે પછી બીજા ઠરાવો ઉપર વિવેચન થયા હતાં. ત્રીજા દિવસની બેઠકમાં કેટલાક ઠરાવો ઉપર જુદા જુદા વક્તાઓના વિવેચન થયા હતાં. ત્યારબાદ રા. બ. કમળાશંકર ત્રિવેદીનું મનનીય ભાષણ તે વખતે થયું હતું. છેલ્લા દિવસની બેઠકમાં પસંદ કરાયેલા નિબંધોનું વાંચન થયું હતું, પછી (આભાર પ્રદર્શન) જુદા જુદા આભાર માનવામાં આવ્યા હતાં આ જૈન સાહિત્ય પરિષદ્ મુનિરાજ શ્રી વિનયવિજયજી મહારાજ તથા મહારાજ શ્રી માણેકમુનિશ્રીના ઉપદેશથી ભરવાનું સુરત જૈનસંઘે સ્વીકાર્યું હતું. આવનાર બંધુઓના સત્કાર અને પરિષદ્‌ની વ્યવસ્થા સુરતના જૈન સંઘ તરફથી સારી રીતે થઇ હતી. જેથી તેઓશ્રીના શેઠ નેમચંદ નાથાભાઈ કે જે બંધુને ત્યાં લગ્ન પ્રસંગે એક આવા જૈનોના આવકારદાયક કાર્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે પોતે આર્થિક ફાળો આપી ઉતારા, ભોજન વગેરે સગવડ કરી આપી હતી, તે માટે સર્વે ધન્યવાદને પાત્ર છે. છેવટે આ પરિષદ્‌નું કાર્ય હાથ ધરી પાર ઉતારવા, ઠરાવો વગેરે ઘડવા, તેમજ પરિષદ્ વ્યવસ્થિત રીતે ફતેહમંદ ઉતારવા, બંધુ જીવણચંદભાઈ સાકરચંદ જેઓ જૈન સાહિત્યરસિક અને પોષક છે તેઓએ ઘણોજ પારશ્રમ ઉઠાવેલ છે, અને રીપોર્ટ તપાસતાં તેમના સહાયક તરીકે પડખે ઉભા રહી કાર્યમાં સતત્ ભાગ બંધુ મણિલાલ મોહનલાલ પાદરાકરે પણ લીધેલ જણાય છે, તેથી એ બંધુઓ પણ ખરેખર ધન્યવાદને પાત્ર છે. હવે પછી આવતે વર્ષે અને પછી દર વર્ષે સાહિત્ય પરિષદ્ જુદે જુદે સ્થળે ભરાય અને માત્ર આ એકજ વિષય હાથમાં રાખી ચર્ચી, જૈન વિશાળ સાહિત્યને બહાર લાવવા પ્રયત્નો કરે એવી પરમાત્માની પ્રાર્થના કરીએ છીયે. આ સંબંધી અમારા વિચારો હવે પછી જણાવીશું.

# ગ્રંથાવલોકન.

## તરંગવતી—અર્થાત્ ભગવાન્ શ્રી મહાવીર દેવના શાસનની એક સાધ્વીની આદર્શભૂત આત્મકથા—

ઉપરની બુક અમોને અવલોકનાર્થે ભેટ મળેલ છે. આ ગ્રંથ મૂળ પ્રાકૃત ભાષામાં શ્રી પાદલિપ્તાચાર્યે લખેલો આ ગ્રંથની પ્રસ્તાવનામાં કહેવામાં આવે છે, તે સમયે આ કથા સહૃદય વિદ્વાનોના સુકુમાર મનને ગંગાના કલ્લોલો માફક નચાવ્યા કરતી હતી. આ મૂળ કૃતિ તો આજે કોઇપણ સ્થળે ઉપલબ્ધ નથી, પરંતુ મૂળ કથાના સારરૂપે પાછળથી શ્રી નેમિચંદ્ર ગણિએ સંક્ષેપથી રચેલ એક નવિન કૃતિ છે. જે આખો ગ્રંથ પ્રાયઃ ૧૬૪૪ પ્રાકૃત આર્યામાં રચેલો હાલ મોજુદ છે. જેનું નામ તરંગલોલા છે. આમાંની એક પ્રતિ જર્મનીના પ્રસિદ્ધ વિદ્વાન પ્રો૦ જેકોબીને રા. રા. કેશવલાલ પ્રેમચંદ મોદીએ મોકલેલ. તેમણે તે પ્રતિ પોતાના મિત્ર ડો૦ લોયમાનને આપી; આ ગ્રંથ તેમને રસદાયક લાગવાથી પોતાના હાથે આખા ગ્રંથની નકલ કરી શુદ્ધ કરવાનો આરંભ કર્યો અને આખા ગ્રંથનો જર્મન ભાષામાં પ્રથમ ઉત્તમ અનુવાદ કરી પ્રકટ કર્યો. એ જર્મન ભાષાનો અનુવાદ સરસ કાવ્યભરી ભાષામાં થયેલો હોવાથી કથા વસ્તુ પણ ભાવપૂર્ણ ભારતીય આદર્શ હોવાથી, યુરોપમાં તેના તરફ લક્ષ ખેંચાતા યુરોપમાં પણ યુરોપી ભાષામાં ભાષાંતરો થયાં. આ જર્મન અનુવાદ પ્રકાશક પાસે આવતાં પહેલાં શાંતિનિકેતનમાં રહેતાં શ્રીયુત નરસિંહભાઈ ઇશ્વરભાઇ પટેલને હાથ તે ભાષાંતર આવવાથી તેમણે ગુજરાતી ભાષાંતર કર્યું. તેજ આ ગ્રંથ પ્રકાશક બબલચંદ કેશવલાલ પ્રેમચંદ મોદી તરફથી પ્રકટ થયેલ છે. આ ગ્રંથમાં પ્રો૦ ડોકટર લોયમેનની જર્મન પ્રસ્તાવનાનો પણ ગુજરાતી અનુવાદ આપવામાં આવ્યો છે ને ભાવવાહી હોઇ ખાસ વાંચવા જેવો છે. આ ડો. લોયમેન અસલ કૃતિ લખાયાનો સમય બીજી કે ત્રીજી સદી જણાવે છે.

આ તરંગવતી સાધ્વીજી મહારાજનું ચરિત્ર ખરેખર આદર્શભૂત છે. તેમનું સંસારીપણાનું ચરિત્ર સ્ત્રીરત્નને શોભે તેવું અને દરેક ગૃહિણીને અનુકરણ કરવા જેવું છે. સાહિત્યભક્તને અને ધર્મશોધક અને માનસશાસ્ત્રીઓને તો ખાસ ઉપયોગી થઇ પડે તેવું છે. આ ગ્રંથમાં સતી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી તરંગવતીને થયેલ જાતિસ્મરણ જ્ઞાનથી અને તેને લગતી બીજી હકીકતો ઉપરથી પુનર્જન્મનો સિદ્ધાંત કેવી પ્રબળતાથી ભાવનામય પ્રદેશ ઉપર અસર કરી છેવટ વસ્તુસ્થિતિમાં આવી ઠરે છે, કે જેથી આપણી આ કથામાં પુનર્જન્મની ભાવના અવિરોધભાવે પ્રગટે છે, પ્રકટ થાય છે, જેથી પુનર્જન્મ નહિ માનનારાઓએ પણ તે માનવાની શ્રદ્ધા થતાં કબુલ કરવું પડે છે. આ કથાની ગુંથણીમાં ભારતીય ભાવનાનો સ્ત્રીના આદર્શનો ખરેખર ચિતાર ખડો થાય છે. જેથી ભારતવર્ષના કથાત્મક સાહિત્યમાં આ ગ્રંથ એક નમુનારૂપ દેખાય છે. આ ગ્રંથમાં તરંગવતીનું આખું ચરિત્ર વાંચવા જેવું છે. ગ્રંથમાં બાર પ્રકરણો પાડવામાં આવેલા છે. જૈન શાસ્ત્રો અને સાહિત્ય ક્ષેત્રમાં અનેક વિદ્વાન મહા પુરૂષોની અનેક આવી અપૂર્વ કૃતિ હજી અપ્રસિદ્ધ રહેલ છે, તેને પ્રસિદ્ધિમાં લાવવાની જૈન સમાજને ખાસ જરૂર છે. અને ત્યારેજ જૈનના વિપુલ સાહિત્ય માટે અન્ય આશ્ચર્યચકિત થશે. ડો. લોયમેનને અમો એક જૈન કથા સાહિત્યને જર્મની ભાષામાં તરજુમો કરી બહાર લાવવા માટે અને તેનો ગુજરાતી અનુવાદ પ્રકટ કરવા મી. બબલચંદ કેશવલાલ મોદીને ધન્યવાદ આપીયે છીએ આ ગ્રંથ દરેકને વાંચવા ભલામણ કરીએ છીએ.

**મળવાનું ઠેકાણું**—પ્રકાશકને ત્યાં. અમદાવાદ હાજાપટેલની પોળમાં. કિંમત બાર આના.

# વર્તમાન સમાચાર.

## આ સભાનો ૨૮ ( અઠ્ઠાવીસ ) મો વાર્ષિક મહોત્સવ.

**જયંતી મહોત્સવ**—પ્રાતઃ સ્મરણીય ન્યાયાંભોનિધિ શ્રીમદ્ વિજયાનંદસૂરિ ( શ્રી આત્મારામજી ) મહારાજના સ્વર્ગવાસ તિથી નીમિત્તે જેઠ શુદી ૮ ના રોજ આ સભા તરફથી શ્રી સિદ્ધાચળજી પવિત્ર તિર્થ ઉપર જ્યાં આ પૂજ્યપાદ્ ગુરૂરાજની મોટી ટુંકમાં દેરી છે, ત્યાં દરવર્ષ મુજબ આ વખતે પણ જયન્તિ ઉજવવામાં આવી હતી. દરવર્ષ પ્રમાણે આ સભાના શુમારે ૭૫) પોણોસો સભાસદોએ ત્યાં જઇ મુનિરાજશ્રી વલ્લભવિજયજી કૃત પંચતીર્થની પૂજા ભણાવી હતી. સુંદર આંગી મોટી ટુંકમાં શ્રી આદિનાથ પ્રભુ, શ્રી પુંડીકજી મહારાજ, અને ગુરૂરાજની મૂર્તિને રચાવી હતી. ભાવના ભાવી, દેવગુરૂપૂજાભક્તિ વિગેરે કર્યું હતું. સાંજના સ્વામીવાત્સલ્ય પણ સામાન્ય રીતે કર્યું હતું. એ રીતે ગુરૂભક્તિ કરી હતી ! દરવર્ષ મુજબ આ વર્ષે પણ આ સભાના માનવંતા સભાસદ જામનગર નિવાસી શેઠ મોતીચંદભાઇ હેમરાજના તરફથી તેના સુપુત્ર ભાઇ છોટાલાલ તરફથી જ સ્વામીવાત્સલ્ય વગેરે સર્વ ખર્ચ કરવામાં આવ્યું હતું.

**સભાનું વાર્ષિક મહોચ્છવ**—જેઠ સુદી સાતમના રોજ આ સભાને સ્થાપન થયા અઠ્ઠાવીશ વર્ષ પુરા થઇ ઓગણત્રીશમું બેસતું હોવાથી દરવર્ષ મુજબ અઠ્ઠાવીશમો વાર્ષિક મહોત્સવ સભાના મકાનમાં પ્રભુજી પધરાવી કરવામાં આવ્યો હતો, સવારમાં પ્રથમ પ્રભુજી તથા પુજ્યપાદ ગુરૂરાજ શ્રી આત્મારામજી મહારાજની છબી પધરાવી વાસક્ષેપથી પુજન તથા ગુરૂ સ્તુતિ કરવામાં આવી હતી. ત્યારબાદ મુનિરાજ શ્રી વલ્લભવિજયજી મહારાજકૃત બ્રહ્મચર્યની પૂજા ભણાવવામાં આવી હતી. સાંજના વોરા હઠીશંગભાઇ ઝવેરચંદ તરફથી સ્વામિવાત્સલ્ય કરવામાં આવ્યું હતું. એ પ્રમાણે દરવર્ષ મુજબ વાર્ષીક મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો.

**શ્રી જૈન યુવક પરિષદની પ્રથમ બેઠક ભાવનગર**—આ પરિષદની બેઠક ચાલતા માસની જેઠ સુદ ૧૩–૧૪–૧૫ તા. ૧૫–૧૬–૧૭ જુનના રોજ અત્રે મળવાની છે. પ્રમુખ તરીકે નવસારી નિવાસી રા. રા. બંધુ નગીનદાસ જગજીવનદાસ પી. એચ. ડી. ને નિમવામાં આવ્યા છે. આ બેઠક માટે બહાર ગામ આમંત્રણો પણ મોકલી આપવામાં આવ્યા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# आ सभा तरफथी प्रसिद्ध थयेला-संस्कृत, मागधी अने भाषांतरना ग्रंथो.

| | | |
|---|---|---|
| ×१ | समवसरणस्तवः | ०-१-० |
| ×२ | क्षुल्लकभवप्रकरणम् | ०-१-० |
| ×३ | लोकनालिका | ०-२-० |
| ×४ | योनिस्तवः | ०-१-० |
| ×५ | कालसप्ततिका | ०-१-६ |
| ×६ | देहस्थितिस्तवो लघ्वल्पबहुत्वं च | ०-१-० |
| ×७ | सिद्धदण्डिका | ०-१-० |
| ×८ | कायस्थितिस्तवः | ०-२-० |
| ×९ | भावप्रकरणम् | ०-२-० |
| ×१० | नवतत्वप्रकरणं(भाष्यविवृत्ति समलंकृतम्) | ०-१२-० |
| ×११ | विचारपञ्चाशिका | ०-२-० |
| १२ | बन्धषट् त्रिंशिका | ०-२-० |
| १३ | परमाणुपुद्गल-निगोदषट्त्रिंशिका | ०-३-० |
| १४ | श्रावकव्रत भङ्गप्रकरणम् | ०-२-० |
| १५ | देववन्दनादि भाष्यत्रयम् | ०-८-० |
| १६ | सिद्धपञ्चाशिका | ०-२-० |
| १७ | अन्नायउञ्छकुलकम् | ०-२-० |
| १८ | विचारसप्ततिका | ०-३-० |
| १९ | अल्पबहुत्वगर्भितवीरस्तवमादि. | ०-२-० |
| २० | पञ्चसूत्रम् | ०-८-० |
| २१ | जम्बूस्वामी चरित्रम् | ०-४-० |
| २२ | रत्नपालनृपकथानकम् | ०-५-० |
| २३ | सूक्तरत्नावली | ०-४-० |
| २४ | मेघदूतसमस्यालेखः | ०-४-० |
| २५ | चेतोदूतम् | ०-४-० |
| ×२६ | अष्टान्हिकाव्याख्यानम् | ०-६-० |
| ×२७ | चम्पकमालाकथानकम् | ०-६-० |
| ×२८ | सम्यक्त्वकौमुदी | ०-१२-० |
| ×२९ | श्राद्धगुणविवरणम् | १-०-० |
| ×३० | धर्मरत्नप्रकरणं ( स्वोपज्ञटीकया समलंकृतम् ) | ०-१२-० |
| ×३१ | कल्पसूत्रं सुबोधिकानाम्न्या टीकया भूषितम् | ०-०-० |
| ×३२ | उत्तराध्ययनम् ( भावविजयगणि-विरचितटीकयोपेतम् ) | ५-०-० |
| ×३३ | उपदेशसप्ततिका | ०-१३-० |
| ×३४ | कुमारपालप्रबन्धः | १-०-० |
| ×३५ | आचारोपदेशः | ०-३-० |
| ३६ | रोहिण्यशोकचन्द्रकथा | ०-२-० |
| ×३७ | ज्ञानसाराष्टकं ( ज्ञानमञ्जरीनाम्न्या टीकया समलंकृतम्. ) | १-०-० |
| ३८ | गुरुगुणषट त्रिंशत्षट्द त्रिंशिकाकुलकं ( दिपिकया भूषितम् ) | ०-१०-० |
| ३९ | समयसारप्रकरणं ( स्वोपज्ञव्या-ख्योपेतम् ) | ०-१०-० |
| ४० | सुकृतसागरम् | ०-१२-० |
| ४१ | धम्मिल्लकथा | ०-२-० |
| ४२ | धन्यकथानकम् | ०-२-० |
| ४३ | प्रतिमाशतकम् | ०-८-० |
| ४४ | चतुर्विंशतिस्तुति संग्रहः | ०-६-० |
| ४५ | रौहिणेयकथा | ०-२-० |
| ×४६ | क्षेत्रसमासप्रकरणं ( स्वोपज्ञटीकया भूषितम् । ) | १-०-० |
| ४७ | श्राद्धविधिः ( विधिकौमुदीनाम्न्या वृत्योपेतः ) | २-८-० |
| ४८ | बृहत्संग्रहणी | २-८-० |
| ४९ | षड्दर्शनसमुच्चयः | ३-०-० |
| ५० | पञ्चसंग्रहः | ३-८-० |
| ५१ | सुकृतसंकीर्तनमहाकाव्यम् | ०-१२-० |
| ५२ | चत्वारः प्राचीनकर्मग्रन्थाः | २-८-० |
| ५३ | सम्बोधसप्ततिः | ०-१०-० |
| ५४ | कुवलयमाला कथा-संस्कृत | १-८-० |
| ५५ | सामाचारीप्रकरणं ( स्वोपज्ञटीकयाभूषितम् ) | ०-१०-० |
| ५६ | करुणावज्रायुधनाटकम् । | ०-४-० |
| ५७ | कुमारपालचरित्रमहाकाव्यम् | ०-१०-० |
| ५८ | महावीर चरियं | १-०-० |
| ५९ | कौमुदीमित्राणन्दनाटकम् | ०-८-० |
| ६० | प्रबुद्धरौहिणेयम् | ०-६-० |
| ६१ | धर्माभ्युदयम् | ०-६-० |
| ६२ | पञ्चनिग्रन्थीप्रज्ञापनातृतीयपदसंग्रहणी प्रकरणे | ०-८-० |
| ६३ | रयणसेहरीकहा | ०-८-० |
| ६४ | सिद्ध प्राभृत | ०-१०-० |
| ६५ | दानप्रदीपं | २-०-० |
| ६६ | बंध हेतुदयत्रिभंगी आदि | ०-१२-० |
| ६७ | धर्म परिक्षा | ०-१२-० |
| ६८ | सप्ततिशतस्थान | १-०-० |
| ६९ | चैत्यवंदन महाभाष्य | १-१२-० |
| ७० | प्रश्नपद्धति | ०-२-० |
| ७१ | कल्प किरणावली | ०-०-० |

× आ नीशानीवाळा ग्रंथो सिलीकमां नथी.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

७२ योगदर्शन

७३ मंडल प्रकरण ०—४—०

७४ देवेन्द्रनरकेन्द्र सटीक ०-१२-०

७५ सुमुखनृपादिकथानकम् ०-११-०

## छपायेला परचुरण संस्कृत ग्रंथो.

१ मेरु त्रयोदशी कथा ०—४—०

२ सुसढ चरित्र ०—२—०

३ श्री सुदर्शना चरित्र ( प्रथम भाग ) ०—६—०

४ जल्प मंजरी ०—२—०

५ जैन व्रतक्रिया विधि भेट

६ साधु आवश्यक क्रियासूत्र „

७ नळदमयंति आख्यान „

८ श्री अनुत्तरोपपातिक दशासूत्र ०—६—०

## छपायेला जैन ऐतिहासिक ग्रंथो.

( श्रीमान् प्रवर्तकजी श्री कान्तिविजयजी ग्रंथमाळा. )

१ विज्ञप्ति त्रिवेणी १—०—०

२ कृपा रसकोष १—०—०

३ शत्रुंजय तिर्थोद्धार प्रबंध १—०—०

४ प्राचीन जैन लेख संग्रह भाग १ लो १—०—०

५ द्रौपदी स्वयंवर नाटक ०—४—०

६ प्राचीन लेख संग्रह भा. २ जो ३—८—०

## છપાયેલાં ગુજરાતી ભાષાનાં પુસ્તકો.

૧ શ્રી જૈન તત્ત્વાદર્શ (શાસ્ત્રી) ૫—૦—૦

૨ નવતત્ત્વનો સુંદર બોધ ૦-૧૦-૦

×૩ દેવસીરાઇ પ્રતિક્રમણ ૦—૩—૦

૪ જીવવિચાર વૃત્તિ ૦—૬—૦

૫ અજ્ઞાન તિમિર ભાસ્કર ૨—૮—૦

૬ જૈન ધર્મ વિષયિક પ્રશ્નોત્તર ૦—૮—૦

૭ જૈનતત્ત્વસાર મૂળ તથા ભાષાંતર ૦—૬—૦

૮ દંડક વિચાર વૃત્તિ મૂળ. અવચૂરિ ૦—૮—૦

૯ નયમાર્ગદર્શક ૦-૧૨-૦

૧૦ હંસવિનોદ ( શાસ્ત્રી ) ૦-૧૨-૦

×૧૧ વિવિધ પૂજાસંગ્રહ ૦—૮—

૧૨ કુમાર વિહાર શતક. મૂળ. અવચૂરિ અને ભાષાંતર સાથે (શાસ્ત્રી) ૧—૮—૦

૧૩ જૈન તત્ત્વસાર ભાષાંતર ૦—૨—૦

૧૪ પ્રકરણ સંગ્રહ ૦—૪—૦

૧૫ નવ્વાણું પ્રકારી પૂજા અર્થ સહિત ૦—૮—૦

૧૬ આત્મવલ્લભ સ્તવનાવલી ૦—૬—૦

૧૭ આક્ષેપદ સોપાન ૦-૧૨-૦

×૧૮ ધર્મબિન્દુ ગ્રંથ, મૂળ ટીકા અને ભાષાંતર સાથે ૨—૮—૦

૧૯ પ્રશ્નોત્તર પુષ્પમાલા ( શાસ્ત્રી ) ૦-૧૪-૦

×૨૦ ધ્યાનવિચાર ( ગુજરાતી ) ૦--૩--૦

૨૧ શ્રાવક કલ્પતરૂ ૦--૬--૦

૨૨ આત્મપ્રબોધ ગ્રંથ ( શાસ્ત્રી ) ૨--૮--૦

×૨૩ આત્મોન્નતિ ૦-૧૦-૦

૨૪ પ્રકરણ પુષ્પમાલા પ્રથમ પુષ્પ ૦--૬--૦

૨૫ જંબુસ્વામી ચરિત્ર ૦--૮--૦

૨૬ જૈન ગ્રંથ ગાઇડ ( ગુજરાતી ) ૧--૦--૦

૨૭ તપોરત્ન મહોદધિ ભાગ ૧—૨ તમામ તપ વિધિ સાથે ૦--૮--૦

×૨૮ વિવિધ પૂજાસંગ્રહ (બી. આવૃત્તિ) ૧--૪--૦

૨૯ સમ્યક્ત્વ સ્તવ ૦--૪--૦

૩૦ શ્રી શ્રાદ્ધગુણ વિવરણ ૧--૮--૦

૩૧ ચંપકમાળા ચરિત્ર ૦--૮--૦

×૩૨ કુમારપાલ ચરિત્ર ( હિંદી ) નથી

૩૩ શ્રી સમ્યક્ત્વ કૌમુદી „ ૧--૦--૦

૩૪ પ્રકરણ પુષ્પમાલા બીજું રત્ન ૦--૮--૦

૩૫ શ્રી અનુયોગદ્વાર સૂત્ર ૦--૮--૦

૩૬ અધ્યાત્મમત પરીક્ષા ૦--૪--૦

૩૭ ગુરૂગુણ છત્રીશી ૦--૮--૦

૩૮ શ્રી શત્રુંજય તીર્થ સ્તવનાવલી ૦--૫--૦

×૩૯ શ્રી આત્મકાન્તિ પ્રકાશ ૦--૪--૦

૪૦ જ્ઞાનામૃત કાવ્યકુંજ ( જ્ઞાનસાર અષ્ટક ગદ્ય, પદ્ય, અનુવાદ સહિત ) ૦-૧૨-૦

૪૧ શ્રી દેવ ભક્તિમાળા પ્રકરણ ૧--૦--૦

૪૨ શ્રી ઉપદેશ સપ્તતિકા ૧--૦--૦

૪૩ સંબોધ સિત્તરી ૧—૦—૦

૪૪ ગુણમાલા ( પંચપરમેષ્ઠિના ૧૦૮ ગુણનું વર્ણન અનેક કથાઓ સહિત ) ૧--૮--૦

૪૫ સુમુખનૃપાદિ કથા. ૧--૦--૦

## छपाता ग्रंथो.

१ श्री नेमनाथ चरित्र.

२ श्री दानप्रदीप भाषांतर

३ श्रावक धर्म विधि.

४ मेघदूत काव्य

५ गुरुतत्व विनिश्चय

६ श्री सुपार्श्वनाथ चरित्र भाषांतर

× આ નીશાનીવાળા ગ્રંથો સીલીકમાં નથી.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસ—ભાવનગર.

For Private And Personal Use Only